

કુમારપાળ,
ધર્મલાભ.
પરિવાર વિના
ન જ જીવી
શકાતું હોય
તો આપણે એક કામ ખાસ
કરવા જેવું છે. નાના પરિવારને
છોડીને બહુ મોટો પરિવાર
આપણે ઊભો કરી દેવા
જેવો છે અને આ જગતમાં
મોટામાં મોટો પરિવાર
કોનો હોય છે એ ખ્યાલમાં
છે? એક: અરિહંતનો
અને બે: સંયમીનો.
જીવમાત્ર પ્રત્યે કરુણા છે
અરિહંતને અને જીવમાત્ર
પ્રત્યે સ્નેહભાવ છે સંયમીને.
આપણાં જીવનના આદર્શ તરીકે
આ બંનેને આપણે ગોઠવી
જ દઈએ. ફાવી જશું.
લિ. રત્નસુંદરસૂરિ'ના
ધર્મલાભ



## ૧

વિશાળ બગીચાને લીલોછમ રાખવામાં માળીને મળેલ સફળતાનું રહસ્ય એક જ હતું. માળીને પાણી જેટલું પણ મળ્યું, જ્યાંથી પણ મળ્યું એ પાણીને એણે નીકમાં વહેતું રાખ્યું. અને નીકે એ પાણીને બગીચાના નાનામાં નાના છોડ સુધી પહોંચાડવા દ્વારા સંપૂર્ણ બગીચાને તાજો ને તાજો જ રાખવામાં ગજબનાક સહયોગ આપ્યો.

**કુમારપાળ !**

તમને કુદરત તરફથી સમય જે પણ મળ્યો છે, ગુરુવર્યો તરફથી તમને સમ્યક્ સમજ જે પણ મળી છે અને ઉદારદિલ દાતાઓ તરફથી તમારા હાથમાં સંપત્તિ જે પણ આવી છે, તમે એ સમયને, સમજને અને સંપત્તિને જિનશાસનના એક એક ક્ષેત્ર તરફ વહેતા રાખીને સાચે જ જિનશાસનના ઉદ્યાનને લીલોછમ રાખવાના જે ભગીરથ પ્રયાસો આદર્યા છે એની અનુમોદના કરવા માટે અમારી પાસે કોઈ શબ્દો નથી.

**કદાચ સૈંકડો વરસ પછી અમને એક એવો સુશ્રાવક મળ્યો છે કે જેને અમે 'જિનશાસનના બગીચાની નીક'નું ગૌરવ આપવામાં લેશ હિચકિચાટ અનુભવતા નથી.**

**કુમારપાળ !**

તમારા માટે અમે પ્રભુને એક જ પ્રાર્થના કરીએ છીએ, પ્રભુ, એ નીકને આપ ક્યારેય પાણી વિહોણી રાખશો નહીં. જિનશાસનના બગીચાને લીલોછમ રાખવા એ કોઈ કસર નહીં છોડે.

કુમારપાળ,
ધર્મલાભ

જેને પામવા માટે
આપણી પાસે રહેલું બધું જ લૂંટાવી
દેવા આપણે તૈયાર રહીએ એ છે
શરણસ્વીકારનો તાત્પર્યાર્થ.
વરસો પૂર્વે અધ્યાત્મયોગી પૂજ્યપાદ
આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય કલાપૂર્ણ-
સૂરિ મહારાજના પાવન સાંનિધ્યમાં મારે
બેસવાનું થયું હતું ત્યારે તેઓશ્રીએ પણ
કંઈક આવી જ વાત કરી હતી.
'વહાલાને વહાલથી વહાલી વસ્તુ આપી
દેવી એ જ છે સાચું શરણ!' આત્મા
આપણને વહાલો છે. દેવ-ગુરુ-ધર્મ આપણા
માટે વહાલા છે. હૃદય આપણું વહાલથી
ભરેલું છે. શરણ માટે હવે વિલંબ શા
માટે?

હ..
રત્નસુંદરસૂરિના
ધર્મલાભ





## ૨

જયવંતા આ જિનશાસનને કલિકાલ સર્વજ્ઞ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજે જિનશાસન પ્રભાવક મહારાજા કુમારપાળની ભેટ આપીને સાચે જ જિનશાસનને જગતના ચોગાનમાં ગજબનાક ગૌરવ અપાવ્યું. પણ, અમે કમનસીબ રહ્યા કે ન અમને કલિકાલ સર્વજ્ઞ આ આંખે નિહાળવા મળ્યા કે ન અમને મહારાજા કુમારપાળનાં દર્શન સાંપડ્યા પણ,

**કુમારપાળ,**

અમે ભારે નસીબદાર રહ્યા કે અમને તમારા જેવા જિનશાસનપ્રેમી, આજીવન બ્રહ્મચર્યધારક, જીવમાત્રરક્ષક સુશ્રાવકની ભેટ આપનાર સંઘહિતચિંતક વર્ધમાનતપની ૧૦૮ ઓળીના આરાધક પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજનાં દર્શન પણ સાંપડ્યા અને એ પુણ્યપુરુષના પરમ કૃપાપાત્ર બનેલા તમને પણ અમે મન ભરીને નિહાળી શક્યા !

**કુમારપાળ !**

સાચું કહીએ ? **અમારા હૃદયના બહુમાનભાવે અમને ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજામાં કલિકાલ સર્વજ્ઞશ્રીનાં દર્શન કરવા પણ મજબૂર કર્યા છે તો તમારામાં મહારાજા કુમારપાળનાં દર્શન કરવા પણ મજબૂર કર્યા છે ! બની શકે કે આ અમારું ગાંડપણ પણ હોઈ શકે પણ એ ગાંડપણ હોવાનો અમારા હૈયે અપાર આનંદ છે.**

કુમારપાળ, ધર્મલાભ.

મંડપમાં પણ માણસ મકાનની જેમ રહી શકે છે પણ ફરક એમાં એટલો હોય છે કે મકાનને પાયો હોય છે, મંડપને પાયો નથી હોતો. જે સાધનાને સમર્પણનો પાયો હોય છે એ સાધના મકાન જેવી છે, સાધકને સુરક્ષિત રાખી દે છે. પણ સમર્પણના પાયા વિનાની સાધના તો મંડપ જેવી છે. ગમે તે પળે એ જમીનદોસ્ત થઈ શકે છે.

દા.
રત્નસુંદરસૂરિના ધર્મલાભ





3

ભોંયરામાં પ્રવેશી જઈને ત્યાંનો અંધકાર દૂર કરી દેવામાં તો સૂર્યને પણ પોતાની લાચારીની કબૂલાત કરી લેવી પડે અને દીવાલને ભેદીને આગળ પહોંચી જવામાં વાયુએ પણ પોતાની અસમર્થતા જાહેરાત કરી દેવી પડે.

પણ, **કુમારપાળ !**

તકલીફોમાં આવી પડેલ અને મોત સામે ઝઝૂમી રહેલા માણસોને અને પશુઓને ઉગારી લેવા તમે કેટકેટલાં સ્થળોએ પહોંચી ગયા છો ! બંગલાદેશના શરણાર્થીઓ પાસે તમે જાનના જોખમે પહોંચ્યા છો તો આંધ્રપ્રદેશમાં આવેલ વાવાઝોડામાં ફસાયેલ લોકોની સહાય માટે તમે ત્યાંય પહોંચ્યા છો. મોરબીનો મચ્છુ ડેમ તૂટ્યો ત્યારે સેવા કરવા તમે મોરબી પણ પહોંચ્યા છો તો લાતુરના ભૂકંપ વખતે તમારી ટીમ લઈને તમે ત્યાંય પહોંચી ગયા છો.

કચ્છના ભૂકંપ વખતે તમે ત્યાં પહોંચી જવામાં પળની ય વાર લગાડી નથી તો સુરતમાં આવેલ પૂર વખતે ય તમે ત્યાં દિવસોના દિવસો સુધી ડેરા-તંબૂ નાખીને સેવાની ધૂણી ધખાવીને બેસી ગયા છો. દુષ્કાળના ઓળા ઊતર્યા હતા ગુજરાત પર ત્યારે તમે ગુજરાતની પાંજરાપોળોમાં ફરી વળ્યા છો તો મુંબઈ વરસાદમાં ગરકાવ થઈ ગયું ત્યારે તમે ત્યાં ય સેવા કરવા ઉપસ્થિત થઈ ગયા છો.

**કુમારપાળ !**

**તમારા હૈયાના આ કરુણાભાવ પાસે કોહિનૂર પણ મૂલ્યહીન બની ચૂક્યો છે.**






૪

શરીર પરનાં વસ્ત્રો સાવ સાદા, ચશ્માંની ફ્રેમ પણ સાદી, પગમાં ચાલુ ચંપલ, અને હાથમાં એક નાનકડી થેલી. **કુમારપાળ** આ તમારી ઓળખ.

સરળ વાણી, સ્પષ્ટ રજૂઆત, અવર્ણવાદરહિત વાતચીત, શબ્દોમાં છલકાતું માધુર્ય અને પ્રસન્ન વદન, **કુમારપાળ** આ તમારું વ્યક્તિત્વ.

કોઈને કલ્પના ય ન આવે કે તમે જિનશાસનના લગભગ પ્રત્યેક અંગની સેવા-ઉપાસના-રક્ષા કરવામાં સદાય અગ્રેસર જ રહ્યા છો અને આજે ય અગ્રેસર જ રહો છો.

તમારા હસ્તક નૂતન જિનમંદિરોનાં નિર્માણ પણ થયા છે તો જિનમંદિરોના જીર્ણોદ્ધારોમાં પણ તમારું યોગદાન ગજબનાક રહ્યું છે. સાધુ-સાધ્વીજી ભગવંતોની વૈયાવચ્ચમાં તો તમે કમાલ કરી જ છે પણ શ્રાવક-શ્રાવિકાઓની ભક્તિ કરવામાં ય તમે પાછી-પાની નથી કરી. સમ્યક્જ્ઞાન આપતી પાઠશાળાઓને પ્રાણવાન બનાવવા તમે ભારે જહેમત ઉઠાવી છે તો જીવદયા અને અનુકંપાનાં કાર્યો તમારા હસ્તક કેટલાં થયાં છે એનો તો કોઈ હિસાબ જ નથી. પાઠશાળા માટે તમે શિક્ષકો પણ તૈયાર કર્યા છે તો દેરાસર માટે સુંદર પૂજારીઓ પણ તમે તૈયાર કર્યા છે.

**કુમારપાળ !**

**શુભપુણ્યબંધના ક્ષેત્રે આટઆટલી સેન્ચ્યુરીઓ લગાવી દઈને પણ જીવનના મેદાન પર અત્યારે તમે શુભભાવનાઓનું બૅટ લઈને નોટઆઉટ ઊભા છો ! કમાલ ! કમાલ !**

કુમારપાળ, ધર્મલાભ.

પર્વતારોહક જ્યારે પર્વતના શિખરને સર કરે છે ત્યારે હકીકતમાં પર્વત પર વિજય નથી મેળવતો પરંતુ પોતાની જાત પર જ વિજય મેળવે છે.

સાધનાજીવન આખરે છે શું ? જાત પર જ વિજય મેળવવાની એક જાતની પ્રક્રિયા ને ? હું દાન કરું છું, મારી લોભવૃત્તિ પર મને વિજય મળે છે. હું બ્રહ્મચર્ય પાલનમાં સફળ બનું છું, મારી કામવાસનાને નિયંત્રણમાં રાખવામાં મને સફળતા મળે છે. આવા વિજયની સંખ્યા આપણે વધારતા જશું ?

દ. રત્નસુંદરસૂરિના ધર્મલાભ



## ૫

તા. ૨૭/૫/૧૯૬૪, સ્થળ : અચલગઢ. સમય : રાત્રિનો લગભગ ૧૨.૩૦ નો. પાવન નિશ્રાઃ સિદ્ધાન્ત મહોદધિ બ્રહ્મચર્ય સમ્રાટ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ આદિ ૮૦ પૂજ્યોની. ઉપસ્થિતિ : ૨૦૦ જેટલા શિબિરાર્થી યુવાનોની.

અચાનક લગભગ ૨૦૦ કિલોમીટરની ઝડપી વાવાઝોડું ફૂંકાયું છે. સાથે વરસાદ ધોધમાર શરૂ થયો છે. અધૂરામાં પૂરું લાઈટ ચાલી ગઈ છે. મકાન પરનાં પતરાંઓ ઊડી રહ્યા છે. વાંદરાઓની ચીચીયારી સંભળાઈ રહી છે. મંડપમાં સૂતેલા શિબિરાર્થીઓ મંડપના કપડાં નીચે દબાઈ ગયેલા જોવા મળે છે. સહુના જીવ પડીકે બંધાઈ ગયા છે.

**અને આ સ્થિતિમાં ૧૯/૨૦ની વય પર ઊભેલા કુમારપાળ, તમે મનમાં બે ભીષ્મ સંકલ્પો કરી બેઠા છો. 'આ તોફાન ૨૦ જ મિનિટમાં શાંત થઈ જાય તો જીવનભર માટે બ્રહ્મચર્યનું પાલન અને જીવનભર ઘીનો ત્યાગ'**

અને કમાલ, ૧૮ મી મિનિટે વરસાદનું વરસવાનું બંધ થઈ ગયું છે અને પવનનું ફૂંકાવાનું બંધ થઈ ગયું છે.

સવારના પહોરમાં

**કુમારપાળ !**

**તમે જ્યારે પૂજ્યશ્રી પાસે આ બંને પ્રતિજ્ઞાઓ લીધી છે ત્યારે સહુ પૂજ્યો તો સ્તબ્ધ હતા જ પણ લાગે છે કે શાસનદેવો ય એ સમયે તમારા આ પરાક્રમ પાછળ પાગલ બની ગયા હશે !**

કુમારપાળ, ધર્મલાભ.
આપણાં હોઠને હસતા રાખવામાં
સફળતા મેળવવી એ બહુ મોટી
વાત નથી પરંતુ સામાના હૃદયને
હસતું રાખવામાં સફળતા મેળવવી
એ તો બહુ મોટું પરાક્રમ
છે.
આપણી ખુદની અપેક્ષાઓને
ગૌણ બનાવતા રહીએ, આપણાં
સ્વાર્થને નંબર બે પર
રાખતા જઈએ,
આપણાં સુખનું
બલિદાન આપતા
રહીએ, એ પરાક્રમ
આપણાં ખાતે જમા
થઈને જ રહેશે.
લિ. રત્નસુંદરસૂરિના
ધર્મલાભ



૯

**કુમારપાળ !**

અચલગઢની મે મહિનાની શિબિર બાદ દિવાળી વૅકેશનમાં પૂજ્યપાદ ગુરુદેવશ્રીની પાવન નિશ્રામાં યુવાશિબિર યોજાયેલી હતી. જેમાં જવાનું સદ્ભાગ્ય મને ય સાંપડ્યું હતું. એ શિબિરિમાં પૂજ્યપાદ ગુરુદેવશ્રીની મારા પર પડી ગયેલ અમીનજરે અમારા અંતરમાં ચારિત્ર સ્વીકારનાં મંગળ પરિણામ ઊભા કરી દીધા હતા.

એ શિબિરની સમાપ્તિ બાદ હું મુંબઈ આવ્યો તો ખરો પણ ફોફલ વાડીની સિંગલ રૂમમાં રહેતા તમને હું જ્યારે મળ્યો ત્યારે તમે મને ભેટીને જે વહાલથી નવડાવી દીધો હતો એ મંગળ દૃશ્ય આજે ય મારી આંખ સામે એવું ને એવું જ અકબંધ છે.

એ વખતે તમે મને કહ્યું હતું, 'રજની ! ગુરુદેવશ્રીની મારા પર ટપાલ આવી ગઈ છે અને ચારિત્ર સ્વીકારના તારા મંગળ સંકલ્પની જાણ ગુરુદેવે એ પત્રમાં મને કરી છે. સાચે જ, તેં કમાલ કરી છે. તારે હવે રોજ જમવાનું છે મારી સાથે. રાતના સૂવાનું છે પણ અહીંયા. ગોડીજીમાં પૂજા કરવા પણ આપણે સાથે જ જવાનું છે અને તું ચારિત્રના માર્ગે ન જાય ત્યાં સુધી તારી તમામ પ્રકારની કાળજી મારે જ લેવાની છે'

**કુમારપાળ !**

**તમે ગૃહસ્થજીવનમાં તો મારા કલ્યાણમિત્ર હતા જ પણ આજે સંયમજીવનમાં ય તમારું સ્થાન મારા હૈયામાં કલ્યાણમિત્ર તરીકેનું જ અકબંધ છે.**

કુમારપાળ,
ધર્મલાભ.
પ્રેમને
સ્વીકારી લેવામાં
હૃદયને ભલે
કોઈ જ તકલીફ
હોતી નથી પરંતુ
સત્યને સ્વીકારી લેવા
માટે મગજ તો સતત
આનાકાની કરતું જ હોય છે.
કારણ આનું એ છે કે હૃદય
અહંકારને બચાવી લેવાની
ગણતરીમાં ક્યારેય હોતું નથી
જ્યારે મગજ માટે અહંકાર
એ જ તો પ્રાણવાયુ છે અને
સત્યના સ્વીકારમાં
અહંકારને વિદાય
લેવી જ પડતી
હોય છે.
શું કરશું?
દ.
રત્નસુંદરસૂરિના
ધર્મલાભ



## ૭

એ દિવસો હતા કુમારપાળ, તમારી ભરયુવાનીના. ઉંમરજન્ય સાહસવૃત્તિ તો તમારામાં હતી જ પરંતુ જનમોજનમની આરાધનાના ફળ સ્વરૂપે તમને હૃદયની જે કોમળતા મળી હતી એ તો આશ્ચર્ય જન્માવે તેવી હતી. અલબત્ત, એ દિવસોમાં તમે, આજે ધર્મના રંગે જેવા અને જેટલા રંગાયેલા છો તેવા અને તેટલા રંગાયેલા નહોતા જ અને છતાં બાંગ્લાદેશ અને પાકિસ્તાન વચ્ચે સરહદ પર ભીષણ યુદ્ધ આરંભાઈ ગયાના સમાચાર તમારા કાને આવ્યા અને તમે જરૂરી સાધન-સામગ્રી-સંપત્તિ લઈને નીકળી પડ્યા સરહદ પર.

ત્યાં આગની વચ્ચે ય તમે સેવા કરતા રહ્યા તો તમારી બાજુમાંથી ગોળીઓ પસાર થતી રહી તો ય ત્યાં તમે અડીખમ ઊભા રહી ગયા. અરે, એક દિવસ તો છેક અંદર જઈને બાંગ્લાદેશના સેનાધિપતિને મળી પણ આવ્યા.

બાંગ્લાદેશ આઝાદ થયા બાદ ત્યાંની સરકાર તરફથી તમને બાંગ્લાદેશ પધારવાનું આમંત્રણ પણ મળ્યું પણ એના પ્રત્યુત્તરમાં તમે લીખી દીધું કે 'જીવમાત્રની સેવા કરવાની પરમાત્મા મહાવીરદેવની આજ્ઞાનું અમે માત્ર પાલન જ કર્યું છે. એટલે સેવા કરવા બદલ સન્માન લેવા ઢાકા આવવાનો અમારે કોઈ પ્રશ્ન જ રહેતો નથી.'

**કુમારપાળ !**

**પ્રશંસનીય કાર્યો કર્યા પછી પણ પ્રશંસાને 'ના' પાડવાની હિંમત ધરાવતી તમારી '૩૬'ની છાતીને મારા અંતરના નમસ્કાર છે.**

કુમારપાળ,
ધર્મલાભ.

આપણાં સત્કાર્યની નોંધ લેતો રહે
એવો કલ્યાણમિત્ર આપણી પાસે
ન પણ હોય તો ય એમાં આપણે કોઈ
લાંબી નુકસાનીમાં ઉતરી જતા નથી
પરંતુ
આપણાં દુષ્કાર્યની, આપણી ક્ષતિની,
આપણાં પ્રમાદની, આપણાં પાપની
નોંધ લેતો રહે એવો કલ્યાણમિત્ર
આપણી પાસે જ્યારે નથી હોતો
ત્યારે આપણે જે નુકસાનીમાં
ઉતરી જઈએ છીએ એ નુકસાની
તો કલ્પનાતીત હોય છે.
પુત્રની તંદુરસ્તીની નોંધ પિતા
ન લે એ ચાલે પણ પુત્રની
બીમારીની નોંધ લેવાનું
પિતા માંડી વાળે
તો ?

દ.: રત્નસુંદરસૂરિના
ધર્મલાભ



*કુમારપાળ ! મારા પૂજ્ય પિતાશ્રીના અને મારા વરસીદાનના વરઘોડામાં તમારી ઉપસ્થિતિ અમારા બંને માટે અપાર આનંદનું કારણ બની રહી હતી.*

## ૮

દીક્ષાનું મારું મૂહુર્ત નીકળી ચૂક્યું હતું. મારા પરમોપકારી પિતાજી પણ સંયમમાર્ગ અંગીકાર કરી રહ્યા હતા. અમારો આનંદ તો પરાકાષ્ટાએ હતો જ પરંતુ કુમારપાળ, તમે ય ખૂબ આનંદમાં હતા કારણ કે આ દીક્ષા નિમિત્તે પૂજ્યપાદ ગુરુદેવશ્રી અમદાવાદથી ઉગ્ર વિહાર કરીને મુંબઈ પધારી રહ્યા હતા.

મને બરાબર યાદ છે કુમારપાળ, કે તમે મારી દીક્ષા પહેલાંના બે મહિના થોડાક વધુ પડતા ગમગીન બની ગયા હતા. મેં તમને એનું કારણ પણ પૂછ્યું હતું. તમે મને એટલું જ જણાવ્યું હતું કે 'તારી સાથે હું ય સંયમજીવનના માર્ગે આવી નથી શકતો એનું ય મને દુઃખ છે તો તારો સથવારો કાયમ માટે હવે છૂટી જવાનો છે એનું ય મને દુઃખ છે. તારી સાથે હું આવી ય નથી શકતો તો તને હું અહીં રાખી ય નથી શકતો. કરું પણ શું હું ?

કુમારપાળ, ૨૦૨૩, ચૈત્ર વદ-૨ ના રોજ દીક્ષા નિમિત્તકના વરસીદાનના વરઘોડામાં તમે બગીમાં મારી સાથે બેઠા. એ દિવસે તમે પચ્ચક્ખાણ પણ ઉપવાસનું કર્યું. પણ જેવો હું બગીમાંથી ઊતરીને દીક્ષામંડપમાં દાખલ થયો, તમે ક્યાં ગુમ થઈ ગયા, મને ખબર જ ન પડી !

**કુમારપાળ !**

**તમારા વર્તમાનનાં સત્કાર્યો જોયા પછી હું એટલું જ કહી શકું કે નિષ્પાપ એવું સંયમજીવન તમારા હાથમાં આવવામાં કદાચ એકાદ ભવ જ હવે બાકી છે.**



કુમારપાળ,
ધર્મલાભ..
પરોપકારનું મોત
તો 'જળ'નું છે.
જગતના સંખ્યાબંધ
જીવોને જળ જીવન
અર્પે છે પણ નથી
તો એ લેશ ધાંધલ
કરતું કે નથી તો
એ એ અંગેની
જાહેરાત કરતું.
દેવ-ગુરુકૃપાએ
આપણાં હાથે
જે પણ પરોપકારો
થતા રહે, પરોપકારમાં
નિમિત્ત બનવાનું
સદ્ભાગ્ય આપણને
મળે ત્યાં આપણે
આ સાવધગીરી
ખાસ રાખવાની
છે.
બાકી, આમ
જોવા જઈએ તો
પરોપકારો કરી
ચૂકેલાઓના
હસ્તાક્ષરો આપણે
શોધવા માંગીએ
તો ય ક્યાં મળે છે?
એ જ પુણ્યાત્માઓના
માર્ગે આપણે
આગળ વધતા
રહીએ. ફાવી જશું.
દ:
રત્નસુંદરસૂરિના
ધર્મલાભ



૬૮, ગુલાલવાડીની જગા પર રહીને
કુમારપાળ, તમે પ્રભુશાસનના કાર્યો આ
ધગશથી કરી રહ્યા હતા !



૯

એ દિવસોમાં કુમારપાળ, પ્રભુશાસનનાં બધાં જ કાર્યો ૬૮, ગુલાલવાડી, મુંબઈમાં રહીને તમે કરી રહ્યા હતા અને એક દિવસ મારા કાને સમાચાર આવ્યા કે તમે મુંબઈની ઑફિસ બંધ કરીને કલિકુંડ તીર્થ–ધોળકામાં ઑફિસ ખોલી રહ્યા છો. મારા આશ્ચર્યનો પાર નહોતો. તમને બોલાવીને તમારી સમક્ષ મેં આ અંગે રજૂઆત પણ કરી હતી.

'મુંબઈ જેવી નગરીમાં રહીને શાસનનાં જે કાર્યો તમે કરી રહ્યા છો એ કાર્યો સ્ટેશન વિનાના ગામમાં રહીને શેં કરી શકશો ?'

'સાહેબ, મુંબઈમાં હાલતી-ચાલતી કોઈ પણ વ્યક્તિ ઑફિસે આવી ચડે છે. એની સાથે વાતો કરવી જ પડે છે. એમાં સારો એવો સમય વેડફાઈ જાય છે. અને એ હિસાબે શાસનનાં ધાર્યાં કામો હું કરી શકતો નથી.

સ્ટેશન વિનાનું ગામ મેં એટલા માટે પસંદ કર્યું છે કે ત્યાં મને એ લોકો જ મળવા આવશે કે જેઓને ખરેખર શાસનનાં કાર્યોમાં રસ હશે. મારાથી ત્યાં કામો પણ વધુ થઈ શકશે અને કલિકુંડ પાર્શ્વનાથ પ્રભુના સાંનિધ્યમાં એમની ભક્તિ કરવાનું સદ્ભાગ્ય પણ મને રોજ સાંપડશે.

**કુમારપાળ !**

**'એક સમયનો પણ પ્રમાદ ન કરવાની' પ્રભુ વીરની વાણીને ગૃહસ્થજીવનમાં રહીને ય ચરિતાર્થ કરી લેવાની તમારી આ મંગળવૃત્તિને અંતરના નમસ્કારછે.**

કુમારપાળ,
ધર્મલાભ..
'આગળ જવા'ની યાત્રા
એ જો સંસારની યાત્રા છે તો
'સારા થવા'ની યાત્રા એ ધર્મની
યાત્રા છે.
સંસારની યાત્રામાં ગમે તેટલા
સફળ બનીએ, હાથમાં રાખ સિવાય
કશું જ આવતું નથી. ધર્મની યાત્રામાં
આંશિક પણ સફળ બનીએ, દોષોની
કુસંસ્કારોની, કર્મોની રાખ થયા
વિના રહેતી નથી.
એ આત્માઓ વંદનીય છે કે
જેઓના કદમ ધર્મયાત્રાના
પથ પર પડી ચૂક્યા છે.
ઉ. રત્નસુંદરસૂરિના
ધર્મલાભ



## (૧૦)

આંધ્રપ્રદેશમાં ફૂંકાયેલા વાવઝોડાએ તબાહી સર્જવામાં કાંઈ બાકી રાખી નહોતી અને કુમારપાળ, તમારી ટીમ સાથે શક્ય તમામ રાહત સામગ્રીઓ લઈને તમે ત્યાં પહોંચી ગયા હતા. અલ્પ સમયમાં ત્વરિત નિર્ણયો લઈને કામો શરૂ કરી દેવાની બાબતમાં તમારી સૂઝ-બૂઝને માટે તો કોઈને ક્યાં કાંઈ કહેવું પડે તેમ હતું ?

તમારી કામગીરી ખૂબ વખણાઈ. તમારી કાર્યપદ્ધતિની સુવાસ પ્રસરતા પ્રસરતા તત્કાલીન વડાપ્રધાન મોરારજીભાઈ દેસાઈ સુધી પહોંચી અને હૈદ્રાબાદના એમના પ્રવાસ દરમ્યાન તમારી પૂરી ટીમ સાથે એમની મુલાકાત થવાની સંભાવના ઊભી થઈ ગઈ. તમને આની જાણ થતાંની સાથે જ તમે તમારા સાથી કાર્યકરોને કહી દીધું કે 'આપણે અહીં દુ:ખિતોનાં આંસુ લૂછવા આવ્યા છીએ, વડાપ્રધાન સાથે ઊભા રહીને ફોટા પડાવવા નહીં. માટે વડાપ્રધાન સાથે મુલાકાત ગોઠવાય કદાચ, તો ય આપણે એ માટે સંમત થવાનું રહેતું નથી. આપણે વધુ જોશથી અને વધુ ઉલ્લાસથી કામે લાગી જઈએ તો જ આપણું અહીં આવવાનું સાર્થક થયું ગણાય.'

**કુમારપાળ !**

**બોલવું ઓછું, સમજવું ઝાઝું અને કરવું તો એનાથી ય અનેકગણું વધુ, તમે આત્મસાત્ કરેલ આ જીવનમંત્રે ન જાણે તમને કેટકેટલા કુશલાનુબંધી પુણ્યના માલિક બનાવી દીધા હશે !**





કુમારપાળ, ધર્મલાભ..

આપણાથી અત્યંત દૂર હોય એવું સ્થળ છે, ગઈકાલ અને આજે આપણે જ્યાં કદાપિ પહોંચી શકવાના જ નથી એ સ્થળ છે, આવતીકાલ.

આપણી પાસે 'આજ' જ છે. બસ, એનો જેટલો વધુ સદુપયોગ થાય એટલો આપણે કરી લેવાનો છે. ઉજ્જવળ ભાવિના બીજ એમાં જ પડ્યા છે.

દ.
રત્નસુંદરસૂરિના
ધર્મલાભ

## ૧૧

ક્યાં મુંબઈ અને ક્યાં રાજસ્થાનનો ભરતપુર જિલ્લો ? પણ સૂર્યને જેમ પ્રકાશપ્રદાન માટે ક્ષેત્રની કોઈ સીમા નડતી નથી, સુવાસને જેમ પ્રસરવા માટે કોઈ ક્ષેત્ર પ્રતિબંધક બનતું નથી તેમ કુમારપાળ, સત્કાર્યસેવન માટે તમને ય કોઈ ક્ષેત્રના સીમાડા ક્યાં નડ્યા છે ?

મહાન શાસન પ્રભાવક પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય વિક્રમસૂરીશ્વરજી મહારાજને વિચરવાનું બન્યું ભરતપુર જિલ્લામાં. જિનમંદિરોથી રહિત એ પ્રદેશમાં વસતા શ્રાવકોના લુપ્ત થઈ રહેલ ધર્મસંસ્કારોને નિહાળીને ચિંતિત બની ગયેલા એ પૂજ્યશ્રીની નજર ઠરી પોતાના નજીકના સુશ્રાવક નટુભાઈ પર અને નટુભાઈની નજર ઠરી કુમારપાળભાઈ, તમારા પર.

તમે નટુભાઈને એક જ વાત કરી. 'ભરતપુર જિલ્લાના બધા જ સંઘો એક થઈને જિનમંદિર નિર્માણની ભાવના વ્યક્ત કરે તો જ એ જિલ્લામાં જિનમંદિર નિર્માણ માટે હું પ્રવૃત્ત થાઉં.'

અને તમારી એ વાતને સમસ્ત ભરતપુર જિલ્લાએ સહર્ષ વધાવી લીધી. એના ફળસ્વરૂપે આજે એ જિલ્લો લગભગ ૨૪/૨૪ સુંદર જિનાલયોથી શોભી રહ્યો છે !

**કુમારપાળ !**

**દીવાલ ક્યાંય પણ ઊભી કરવી નહીં અને પુલ ઊભો કરવાની તકને સામે ચડીને ઊભી કરતા રહેવું. તમારા આ જીવનમંત્રે કેટકેટલાં સ્થળોએ પ્રસન્નતાની મહેંક ફેલાવી દીધી છે એની કદાચ તમને ય ખબર નહીં હોય !**





કુમારપાળ,
ધર્મલાભ..
ક્રોધસેવન કરી બેઠા પછી આપણે ક્યારેય એમ નથી બોલ્યા કે 'દેવ-ગુરુ પસાય' પણ ક્ષમા રાખવામાં સફળ બન્યા પછી આપણે અચૂક એનો યશ 'દેવ-ગુરુની કૃપા'ને આપ્યો જ છે.
આનો અર્થ ?
આ જ છે કે અશુભ સેવનની કમજોરી એ આપણી જ ભૂલ છે તો શુભસેવનની બહાદુરી એ દેવ-ગુરુની કૃપાને જ આભારી છે.
કમાલ !
દ..
રત્નસુંદરસૂરિના ધર્મલાભ

## (૧૨)

વરસો પૂર્વે ગુજરાતના એક મોટા શહેરમાં અનંતોપકારી પૂજ્યપાદ ગુરુદેવશ્રી બિરાજમાન હતા અને કુમારપાળ, ત્યાં તમે વંદનાર્થે આવ્યા હતા. વંદન વગેરે કરીને પૂજ્યશ્રી પાસે જ્યારે તમારે બેસવાનું થયું ત્યારે જીવદયા-અનુકંપા-સાધર્મિક ભક્તિ-પાઠશાળા-જિનમંદિર નિર્માણ-જિર્ણોદ્ધાર વગેરેનાં જે-જે કાર્યો તમારા હસ્તક ચાલુ હતા એની વાતો નીકળી. તમારી એ વાતોથી આનંદિત થઈ ગયેલ પૂજ્યશ્રીએ તમને એક સૂચન કર્યું.

'કુમારપાળ, મારું પ્રવચન થઈ જાય એ પછી સકલ શ્રીસંઘ સમક્ષ તમારા દ્વારા ચાલી રહેલ કાર્યોની વિગત તમે મૂકો. અનેકને એનાથી પ્રેરણા મળશે.'

અત્યંત નમ્રતાથી પૂજ્યશ્રીએ કરેલ આ સૂચનનો પ્રત્યુત્તર આપતા તમે એટલું જ કહ્યું કે 'ગુરુદેવ, આ ક્ષેત્રમાં હજી તો મારે ખૂબ ખૂબ આગળ વધવું છે અને એટલે જ મને એમ લાગે છે કે મારી જીભને હું હમણાં બોલતી ન કરું પણ મારાં કામોને જ હું બોલવા દઉં. અને વાસ્તવિક હકીકત તો એ છે કે કામો બોલતા થયા પછી મારે મારી જીભને બોલતી કરવી જ નહીં પડે.'

**કુમારપાળ !**

**એક વાત કરું ? તમારી શક્તિની તમે મર્યાદા નક્કી નહોતી કરી ને એટલે જ આજે કદાચ તમારામાં અમર્યાદ શક્તિઓનો પ્રાદુર્ભાવ થઈ ગયો હોય એવું મને લાગેછે.**





કુમારપાળ,
ધર્મલાભ.

માણસ પ્રીતિપાત્ર બનવા કેટલુંક જ કરે છે જ્યારે ઈર્ષ્યાપાત્ર બનવા તો શું શું નથી કરતો, એ પ્રશ્ન છે.

બીજા માટે ઘસાતા રહીએ, આપણા સ્વાર્થનું બલિદાન આપતા રહીએ, અન્યાય - અવગણના કે અપમાન વેઠીને પણ પરોપકાર કરતા રહીએ, મધુર વચનપ્રયોગ કરતા રહીએ, બસ, આપણે પ્રીતિપાત્ર બની ગયા જ સમજો.

પરંતુ

ધંધામાં બધાય કરતાં આગળ ભાગતા રહીએ, ગાડી કોઈની ય પાસે ન હોય એવી જ વસાવી લઈએ અને ઘરમાં ફર્નીચર કોઈના ય ઘરમાં ન હોય ન એવું ગોઠવી દઈએ ત્યારે જ ઈર્ષ્યાપાત્ર બની શકાય છે. એક જ કામ કરીએ. ઈર્ષ્યાપાત્ર કોઈના ય ન બનીએ. પ્રીતિપાત્ર સહુના બન્યા રહીએ !

દ. રત્નસુંદરસૂરિના
ધર્મલાભ

## ૧૩

રાજકોટના એ પીઢ સુશ્રાવક હતા. સાધુ-સાધ્વીજી ભગવંતોની વૈયાવચ્ચ માટે એમના અંતઃકરણમાં જાતજાતના મનોરથો ઊઠતા હતા અને એમાં ય વિહારનાં ગામડાંઓમાં વૈયાવચ્ચ સારામાં સારી કઈ રીતે કરી શકાય એ દિશામાં તેઓ નક્કર કંઈક કરી છૂટવા માગતા હતા. એ અંગેનું માર્ગદર્શન લેવા તેઓ મારી પાસે આવ્યા અને કુમારપાળ, મેં એમને તમારી પાસે મોકલ્યા.

આઠ-દસ દિવસ બાદ તેઓ તમને મળીને જ્યારે મારી પાસે આવ્યા ત્યારે એમણે મને જે વાત કરી એ એમના જ શબ્દોમાં.

'સાહેબ, આપે મને કુમારપાળને આપવા જે કાગળ લખી આપ્યો હતો એ કાગળ મેં કુમારપાળભાઈના હાથમાં મૂક્યો. એમણે કાગળ વાંચ્યો. તેઓ ઊભા થયા. કબાટ પાસે ગયા. કબાટ ખોલીને રૂપિયા કાઢ્યા. મારી પાસે આવ્યા. મારા હાથમાં ૫૧,૦૦૦ રૂપિયા મૂકી દીધા. 'પણ હું રૂપિયા લેવા નથી આવ્યો. માર્ગદર્શન લેવા આવ્યો છું' મેં એમને કહ્યું,

'પહેલાં આ રૂપિયા રાખી લો. વૈયાવચ્ચ અંગેનું માર્ગદર્શન હું હવે આપું છું' આમ કહીને એમણે મને નિરુત્તર જ કરી દીધો.

**કુમારપાળ !**

**તમારી પાસે આવી ગયેલાએ બગાસું ખાધું નથી અને એના મોઢામાં તમે પતાસું મૂકી દીધું નથી. તમારી પાસે આખરે પતાસાંઓ છે કેટલા ?**



કુમારપાળ, ધર્મલાભ.
સન્માનદાન કરનારા તો ઘણાં મળી રહે છે પણ સમયદાન, સ્મિતદાન, સંસ્કારદાન, શાતાદાન અને સમાધિદાન કરનારાઓ તો કદાચ આંગળીના વેઢે ગણી શકાય એટલા જ મળે છે. આપણો નંબર આપણે એમાં લગાડીને જ રહેવાનું છે.
દ: રત્નસુંદરસૂરિના
ધર્મલાભ



*શેખડી કેમ્પમાં કુમારપાળ, તમે પશુઓને જ ન સંભાળ્યા, માલધારીઓને પ્રભુના વચનો સંભળાવતા રહીને એમના હૈયાને ય પ્રભુવચનોથી તમે ભાવિત બનાવતા રહ્યા.*



## ૧૪

'મહારાજ સાહેબ, અમારી એક વિનંતિ છે' કલિકુંડ તીર્થથી ૨-૩ કિલોમીટર દૂરના શેખડી ગામમાં ૨૦-૨૫ હજાર પશુઓના કૅમ્પની મુલાકાતે અમે આવ્યા છીએ અને બે-ચાર માલધારીઓએ મારી પાસે આવીને વાત મૂકી છે.

'બોલો, શી વાત છે ?'

'આ વરસે ય ઉપરવાળો અમારા પર રૂઠ્યો છે. વરસાદનો છાંટો ય નથી. પશુઓને લઈને અમે અહીં આવી તો ગયા છીએ પણ બાપા, સાચું કહીએ ? આ ધરતી પર રહેલ કુમારપાળભાઈ અમારા પર મન મૂકીને વરસી રહ્યા છે. સુકાળના સમયમાં અમારા પશુઓને અમે જે અને જેટલું નથી ખવડાવ્યું એ અને એટલું કુમારપાળભાઈ અહીં ખવડાવી રહ્યા છે. દુઃખ અમને હોય તો એટલું જ છે કે કુમારપાળભાઈ અહીંનું દૂધ પીતા નથી. એમના માટેનું દૂધ બહારથી આવે છે. આપ એમને કહો કે કમ સે કમ અમારી ગાયોનું દૂધ તો પીએ !'

અને કુમારપાળ માલધારીઓની આ વિનંતિ મેં તમારા સમક્ષ મૂકી ત્યારે તમે જે જવાબ આપ્યો હતો તે આ હતો. 'ઉદારદિલ દાતાઓએ મને જે રકમ આપી છે એ પશુઓને સાચવવા આપી છે. એ રકમથી ચાલતા પશુઓના આ કૅમ્પમાં પશુઓનું જે દૂધ નીકળે એ મારા પેટમાં પધરાવાય જ શી રીતે ?'

**કુમારપાળ !**

**તમારી નિષ્ઠાની આ ઊંચાઈ સામે એવરેસ્ટની ઊંચાઈની સરખામણી પણ શી રીતે કરવી ?**

કુમારપાળ, ધર્મલાભ.
મરણને લાવનાર 'જન્મ' છે એ વાત સાચી પરંતુ જન્મને ખતમ કરી નાખવાની તાકાત 'સમાધિ મરણ'માં છે આ વાત આપણે પ્રતિપળ આંખ સામે રાખવાની છે. અને તો, મરણ સમાધિનું પામવા માટે સાધનામય જીવન અને સમાધાન સભર મન આ બે પરિબળો અતિ અગત્યના છે. એને હાથવગાં રાખવા પ્રયત્નશીલ બન્યા જ રહીએ.

હ.. રત્નસુંદરસૂરિના
ધર્મલાભ



(૧૫)

'મહારાજ સાહેબ, ચિંતા સૌથી વધુ અમને એ છે કે અમારાં પશુઓ અમને છોડીને કાંક આ કુમારપાળભાઈ પાસે જ રહી ન જાય' શેખડી કૅમ્પમાં ચાર કે પાંચ માલધારીઓ હસતા હસતા મારી સમક્ષ વાતો કરી રહ્યા હતા.

'કેમ આમ વાત કરો છો ?'

'આમ વાત ન કરીએ તો બીજી શી વાત કરીએ ? અમારાં પશુઓ અમારા અવાજ સિવાય બીજા કોઈના અવાજનો હોંકારો ય ન આપે પણ કોણ જાણે શું થયું છે અમારાં પશુઓને, કુમારપાળભાઈ પશુઓ વચ્ચે ઊભા રહીને પશુઓના નામની બૂમ પાડે છે અને અમારાં પશુઓ દોડીને કુમારપાળભાઈ પાસે આવીને ઊભા રહી જાય છે.'

અને

કુમારપાળ, માલધારીઓની આ વાતની પ્રતીતિ અમને ત્યારે થઈ ગઈ કે જ્યારે એક સ્થળે ઊભેલાં હજારો પશુઓ વચ્ચે પહોંચી જઈને તમે એક ગાયને એના માલધારીએ પાડેલા નામ સાથે બોલાવી અને એ ગાય સીધી તમારી નજીક આવી જઈને તમારા પગ ચાટવા લાગી એ દૃશ્ય અમને સગી આંખે નિહાળવા મળ્યું.

**કુમારપાળ !**

**બાપનો અવાજ સાંભળવા છતાં દીકરો બાપ પાસે ન આવે એવા આ કાળમાં તમારી બૂમ સાંભળવા માત્રથી અબોલ પશુ તમારી પાસે આવીને ઊભું રહી જાય અને એ ય પ્રેમથી ! તમારા હૃદયમાં પ્રતિષ્ઠિત થઈ ગયેલ આ પ્રેમભાવને મારા ખૂબ ખૂબ નમસ્કાર છે !**



કુમારપાળ,
ધર્મલાભ.
માણસની
ઉત્તમતાનો
ખ્યાલ એના
નાના માણસ
સાથેના વર્તન
પરથી આવે
છે.
અનંત કરુણાના સાગર
પરમાત્માને આપણે
સ્મૃતિપથ પર રાખીએ.
આપણી આંખો અહોભાવથી
છલકાઈ ગયા વિના ન
રહે. એ તારકે નિગોદના
જીવની પણ જે દ્રવ્ય-ભાવદયા
ચિંતવી છે એ જોતા આપણા મુખમાંથી
શબ્દો સરી પડે કે પ્રભુ આપની
ઉત્તમોત્તમતાની તોલે કોઈ જ ન
આવે. કોઈ જ નહીં.
લિ.
રત્નસુંદરસૂરિના
ધર્મલાભ



## ૧૬

સ્થળ ચાહે અમદાવાદનું છે કે મુંબઈનું છે, સુરતનું છે કે સુરેન્દ્રનગરનું છે, રાજકોટનું છે કે જામનગરનું છે. વ્યાખ્યાનની પાટ પર ચાહે આચાર્ય ભગવંત બિરાજમાન છે કે મુનિભગવંત બિરાજમાન છે. માઇક ચાહે ટ્રસ્ટીના હાથમાં છે કે પ્રમુખના હાથમાં છે.

જાહેરાત જો માત્ર આટલી જ થાય છે કે 'પૂરરાહત અંગે કે ભૂકંપ અંગે, વાવાઝોડા અંગે કે દુષ્કાળ અંગે અહીં જે પણ રકમ ભેગી થશે એ રકમ ધોળકા - કુમારપાળ વિ. શાહને મોકલી આપવામાં આવશે' તો એક સાથે બે પરિણામ આવીને ઊભા રહી જાય છે.

૧. ફંડમાં એકઠી થનાર રકમનો આંકડો ખૂબ મોટો થઈ જાય છે અને ૨. 'આ રકમ ક્યાં જશે ? એની વ્યવસ્થા કોણ કરશે ? જરૂરિયાતવાળાઓને એ રકમ પહોંચશે કે નહીં ? વગેરે વગેરે શંકાઓ જેમના પણ મનમાં ઊભી થઈ હોય છે એ તમામ શંકાઓ એ જ પળે શાંત થઈ જાય છે.

**કુમારપાળ !**

**શુભ નિષ્ઠાથી ઉત્પન્ન કરેલ તમારા આ મસ્ત આદેય નામકર્મનો અનુભવ હિન્દુસ્તાનના સંખ્યાબંધ સંઘોને પણ થયો છે તો અનેક સંસ્થાઓને પણ થયો છે. મનની પવિત્રતા અને હૃદયની નિર્દોષતા એ બંનેને તમે કઈ હદે અપનાવી લીધા હશે કે જેના બળે તમારું નામ પણ આજે આ પરિણામ લાવનારું બની રહ્યું છે !**

કુમારપાળ, ધર્મલાભ..

કાંકરી નાખીને આખા સરોવરમાં ભલે વમળ પેદા કરે છે પણ સરોવર તો એ વમળને ઘોળીને પી જઈને કમળ જ પેદા કરે છે.

આપણે આ સરોવર જેવા જ બનવાનું છે. અશુભ કર્મો આપણાં જીવનમાં ભલે કચરો ફેંકતા રહે, આપણે તો શુભ અધ્યવસાયોમાં જ ઝીલતા રહેવાનું છે.

લિ.. રત્નસુંદરસૂરિના
ધર્મલાભ



## ૧૭

એ ચાતુર્માસ મારું ભુજ [કચ્છ] માં હતું. ચાતુર્માસ દરમ્યાન યોજાયેલ પાંચ રવિવારીય યુવા શિબિરો દેવ-ગુરુ કૃપાએ મસ્ત જામી હતી. છેલ્લી શિબિરમાં યુવાનોને એક અભિનંદનપત્ર આપવામાં આવ્યું હતું. એ અભિનંદન પત્રના આગળનાં પાના પર મારી પ્રવચનો કરતી વિવિધ મુદ્રાઓવાળી પ્રતિકૃતિઓ છપાઈ હતી.

**કુમારપાળ !**

એ પ્રતિકૃતિઓવાળું કાર્ડ મેં તમારા પર એ આશાએ મોકલ્યું હતું કે તમે એ કાર્ડ મળવા બદલ મારા પર ચોક્કસ આભાર વ્યક્ત કરતો અને અભિનંદન આપતો પત્ર લખશો જ, પણ મારી એ આશા વ્યર્થ તો નીવડી જ પણ કુમારપાળ, એ કાર્ડ મળ્યાના પ્રત્યુત્તરરૂપે તમે મારા પર જે શબ્દો લખ્યા હતા એ શબ્દો આજે ય મારા સ્મૃતિપથ પર એવા ને એવા જ અંકિત થયેલા છે.

તમે મને લખ્યું હતું કે 'મને આપની આ પ્રવૃત્તિ ગમી નથી. પ્રભુશાસનનું અનંત ઋણ આપણાં શિરે છે. એ ઋણથી યત્કિંચિત્ મુક્તિ મેળવવા આપણે પાત્ર જીવોને પ્રભુ માર્ગે જોડવા પ્રયાસો કરીએ છીએ. એ પ્રયાસો બદલ અહંકારનું આવું તુચ્છ પ્રદર્શન આપને શોભા આપતું નથી.'

**કુમારપાળ !**

**મારા આત્મહિતની કેવી ચિંતા તમે લઈને બેઠા હશો ત્યારે તમે મને આવું લખી શક્યા હશો. સાચે જ તમારો એ વખતનો પ્રત્યુત્તર મારા માટે આજે ય એટલો જ માર્ગદર્શક બની રહ્યો છે !**



કુમારપાળ,
ધર્મલાભ.

અધ્યાત્મના માર્ગ પર ચાલી રહેલ સાધકો બે પ્રકારના છે.
૧. પોતાના મનને બદલાવવાના પ્રયત્નો જેઓ સતત કરતા રહે છે.
અને ૨. પોતાના મનને ગુરુના ચરણમાં સોંપી દઈને જેઓ એમના માર્ગદર્શન મુજબ સાધના કરતા રહે છે.

સાચું કહું ?
અનાદિના ગલત અભ્યાસથી વિકૃત બની ગયેલ મનને બદલાવવાના પ્રયાસો આપણને થકવી નાખનારા બની રહે એની પૂરી સંભાવના છે.
શા માટે આપણે મનને સોંપી દેવાના સરળ અને શ્રેષ્ઠતમ વિકલ્પને અપનાવી ન લેવો ?

## ૧૮

**કુમારપાળ !**

બોરમાં રહેલ પાણી બહાર લાવવું કે નહીં, એ નિર્ણય કરવાનું ખેડૂતના હાથમાં હોઈ શકે છે પરંતુ આકાશમાં બંધાયેલ વાદળને ધરતી પર વરસવું કે નહીં એ નિર્ણય કરવાનું ખેડૂતના હાથમાં નથી જ હોતું એ તમારા ખ્યાલ બહાર હોય એમ હું નથી માનતો.

પુણ્યને ખેંચીને ઉદયમાં લાવવાનું તમારા હાથમાં હોવા છતાં એ દિશા તરફ તમે ક્યારેય નજર પણ નાખી નથી પણ તમારી ઈચ્છા વિના ય તમારું પુણ્ય ઉદયમાં આવતું રહે છે ત્યાં તમે કશું ય કરી શકતા નથી એનો મને બરાબર ખ્યાલ છે.

સૌરાષ્ટ્રનો એ યુવક મને ઘાટકોપર-મુંબઈમાં મળ્યો હતો. મંદીના માહોલમાં ય હીરાબજારમાં જઈને એ એક જ કલાકમાં જીવદયા માટે લગભગ ૨૦/૨૨ લાખનાં વચન લઈ આવ્યો હતો. મેં આશ્ચર્યચકિત થઈને એને આ અંગેનું રહસ્ય પૂછ્યું હતું. જવાબ આપતા એણે મને કહ્યું હતું કે, 'ગુરુદેવ, હું જ્યારે પણ જીવદયા માટે ટીપ કરવા બહાર જાઉં છું, પહેલાં કુમારપાળભાઈ પાસે જઈને એમનો આંકડો લખાવી દઉં છું. બસ, પછી નિશ્ચિત લક્ષ્ય પર પહોંચી જવામાં મને કોઈ જ તકલીફ પડતી નથી !'

**કુમારપાળ !**

**પ્રભુ પાસે તમારું આ વિશુદ્ધ પુણ્ય માગતા મને કોઈ જ શરમ આવતી નથી. કારણ કે આવું પુણ્ય જ તો પ્રભુ સાથે આત્માને જોડેલું રાખે છે ને ?**




## ૧૯

સાબરમતીના એ વરસના ચાતુર્માસ દરમ્યાન કુમારપાળ, તમે મને મળવા આવ્યા હતા. ગુજરાતના બીજા વરસના દુષ્કાળમાં તમે સંખ્યાબંધ પાંજરાપોળોમાં ધૂમ તાપમાં ફરતા રહીને પશુઓને બચાવવાનો જે ભગીરથ પુરુષાર્થ આદર્યો હતો એનો થાક તમારા ચહેરા પર સ્પષ્ટપણે વરતાતો હતો. આ દુષ્કાળે પાંજરાપોળોની હાલત કેવી કફોડી કરી નાખી છે એની વેદના તમારી વાતોમાં પ્રગટ થતી હું અનુભવી રહ્યો હતો. વાતમાં ને વાતમાં મેં તમને કહ્યું હતું.

‘કુમારપાળ, પશુઓને બચાવી લેવા તમારા લોહી-પાણી એક કરી નાખતા પુરુષાર્થને કયા શબ્દોમાં હું બિરદાવું એ મને સમજાતું નથી’

‘આપને એ વાતનો ખ્યાલ ન હોય તો હું જણાવી દઉં કે કલ્પેશ અને જયેશ, મારા ડાબા અને જમણા હાથ છે. એ બંને વિનાનો હું સર્વથા કમજોર છું. આપ ધન્યવાદ આપવા માગતા જ હો તો એ બંનેને આપો, મને નહીં’ આટલું બોલતા બોલતા કુમારપાળ, તમે રીતસરના રડી પડ્યા હતા.

**કુમારપાળ !**

**સફળતાની સીડી ચડતી વખતે એ સીડી જેણે પકડી રાખી છે એને ન જ ભૂલી જવાની તમારી ઉદાત્તવૃત્તિથી કોણ પરિચિત નથી એ પ્રશ્ન છે. અન્યનાં દુઃખોને પોતાના બનાવતા રહેવું અને પોતાની સફળતાનો યશ સાથીઓને આપતા રહેવું, કુમારપાળ, તમારા આ મનોવલણે મને પણ જીવનમાં સારા એવા બોધપાઠો આપ્યા છે.**

કુમારપાળ,
પાણી વગર
જો લોટ બંધાતો નથી
તો
ભાવના વગર
સાધના પણ
ક્યાં જામે છે ?

લિ..
રત્નસુંદરસૂરિના
ધર્મલાભ



## ૨૦

યુવાશિબિરો અંગે પ્રારંભિક કાળમાં સંઘમાં ક્યાંક ક્યાંક ઊઠેલા વિરોધના સૂરો લગભગ શાંત થઈ ચૂક્યા હતા. એક એક ઉદારદિલ મહાનુભાવો એક એક મહિનાની સંપૂર્ણ શિબિરનો લાભ પોતાને આપવા કુમારપાળ, તમને વિનંતિ કરી રહ્યા હતા.

એક સુશ્રાવક આ વરસની મે મહિનાની શિબિરનો સંપૂર્ણ લાભ પોતાને આપવા કુમારપાળ, આજે તમારી પાસે આવ્યા છે.

‘તમારે આ લાભ મને આપવો જ પડશે’

‘તમે શિબિરનો લાભ શું લેશો ?’

‘એટલે ?’

‘શિબિર તો શરૂ થઈ જશે. ગુરુદેવશ્રીનાં પ્રવચનોમાં શિબિરાર્થીઓ પાગલ પણ બનતા જશે પણ તમે પોતે આ શિબિરમાં કેટલા દિવસ હાજર રહેશો ?’

‘બે-ચાર-દિવસ’

‘તો તમે સાંભળી લો. શિબિરની શરૂઆતથી સમાપ્તિ સુધી તમારે શિબિરમાં હાજર રહેવાનું હોય, ગુરુદેવનાં દરેક પ્રવચનો તમારે સાંભળવાના હોય, શિબિરાર્થીની દરેક પ્રવૃત્તિઓમાં તમારે ભાગ લેવાનો હોય તો જ આ શિબિરનો લાભ તમને આપવાનો છે.’

**કુમારપાળ !**

**‘પૈસો મળે ત્યાં હા પાડી જ દેવાની’ એ વૃત્તિથી તમે કેટલા બધા અલિપ્ત છો એનો અનુભવ તમારી સાથે જોડાયેલ કયા દાતાને નથી એ પ્રશ્ન છે. આ વૃત્તિએ જ તમારી પાછળ દાતાઓને દોડતા રહેવા મજબૂર તો નહીં કરી દીધા હોય ને ?**

કુમારપાળ,
ધર્મલાભ.
અટક્યા વિના સતત આપતા
જ રહેવાનું હોય, એ સ્થિતિમાં
રહેલ જે માણસ બગીચા
પાસે આવી ગયો હોય એ
માણસ બગીચામાં ઊગી
ગયેલ પુષ્પોને જોઈને પ્રસન્ન
બન્યો રહે કે કાંટાઓ જોઈને
દુઃખી થતો રહે ?
સતત આવું રહ્યું છે આપનું
જીવન. પરિચયમાં જે પણ
જીવો આવી રહ્યા છે એ સહુમાં
જે પણ ગુણો રહ્યા છે એ
ગુણોનાં દર્શન કરતા રહીને આપણે
આનંદ અનુભવતા રહેવાની જ
જરૂર છે. દોષોના કાંટાઓ જોઈને
મનને ઉદ્વિગ્ન રાખવાની ક્યાં જરૂર છે ?

દ. રત્નસુંદરસૂરિના
ધર્મલાભ



## ૨૧

નદીને પાણી મળે વાદળ તરફથી અને નદી એ પાણીને સમર્પિત કરી દે સાગરને. જીવનકાળ દરમ્યાન કેટકેટલાય પરોપકારો એના નામે જમા થતા રહે, કેટલાય લોકો એનો ઉપકાર માનતા રહે પણ એને પૂછો, 'આમાં તારું શું ' એનો આ જ જવાબ હોય, 'મારું કાંઈ જ નથી. મારી પાસે કાંઈ જ નથી.'

કુમારપાળ,

કેટકેટલા દાતાઓએ તમારા હાથોને સંપત્તિથી છલકાવી દીધા છે ! દાતાઓનો જ જો કોઈ હિસાબ નથી તો એમના તરફથી તમને મળેલ અપાર સંપત્તિનો તો હિસાબ હોય જ ક્યાંથી ? પણ, ક્યાં રાખી છે તમે એ સંપત્તિને તમારી પાસે ? તમે એ સંપત્તિને ધરી દીધી છે જિનશાસનરૂપી મહાસાગરને ચરણે ! કેટકેટલીય સંસ્થાઓ, પાંજરાપોળો અને વ્યક્તિઓ આજે તમારા તરફથી એમને મળેલ સંપત્તિના સહયોગ બદલ તમારો આભાર માની રહી છે પણ,

જેની જાણ લગભગ કોઈને ય નથી એ જાણ મારી પાસે છે. આજે ય બૅન્કમાં તમારા નામે કોઈ ખાતું નથી એ તો ઠીક પણ તમારા શરીર પર જે વસ્ત્રો હોય છે એ વસ્ત્રો ય મુંબઈનો એક યુવક તમારા પર મોકલી રહ્યો છે !

**કુમારપાળ !**

**અબજોનો સદ્‌વ્યય તમારા નામે અને એક પૈસો ય નહીં તમારી પાસે! કઈ માટીના બનેલા છો તમે ?**





કુમારપાળ,

ધર્મલાભ..

અહોભાવ - આદરભાવ - બહુમાનભાવ અને સદ્ભાવ, તારક પરિબળો પ્રત્યેના હૃદયના આ તમામ પ્રકારના સુંદર ભાવો એ ગજબનાક કામ કરે છે.

જેમના પર આપણને અહોભાવ વગેરે હોય છે એમના જીવનમાં રહેલા દોષો આપણને દેખાતા નથી અને આપણા જીવનમાં રહેલા દોષોમાં કડાકો બોલાયા વિના રહેતો નથી.

આગ જેમ લાકડાને ખાઈ જ જાય છે તેમ અહોભાવ દોષદૃષ્ટિને ખતમ કરીને જ રહે છે.

આગ જેમ સુવર્ણને વિશુદ્ધ કરીને જ રહે છે તેમ અહોભાવ આત્મદ્રવ્યને વિશુદ્ધ કરીને જ રહે છે.

આ પરિણામના આધારે આપણાં અહોભાવને આપણે મૂલવવા જેવો છે.

દ: રત્નસુંદરસૂરિના ધર્મલાભ



## (૨૨)

વાંકાનેરથી સુરેન્દ્રનગર તરફના વિહારમાં અમે હતા અને અચાનક એક ગામમાં તમે તમારા સાથી કાર્યકરો સાથે કુમારપાળ, મળવા આવી ગયા. સાંજના વિહારમાં તમે અમારી સાથે પણ ચાલ્યા.

સામા ગામે આપણે પહોંચ્યા તો ખરા પણ એક સ્થળે રહેલ ભેંસના તબેલા પાસે જે સ્કૂલ હતી ત્યાં અમને ઉતારો મળ્યો. મને એમ કે અંધારું થતાં તમે ગાડીમાં સુરેન્દ્રનગર જવા નીકળી જશો પણ મારી એ માન્યતા ખોટી ઠરી.

તમે સાથી કાર્યકરને કહી દીધું કે 'ગાડી સ્કૂલની ડાબી બાજુ ઊભી રાખી દો. આપણે આ તબેલામાં સૂઈ રહેશું.'

'પણ કુમારપાળ, તબેલામાં તો શેં સુવાશે ? ચાંચડ અને મચ્છર આખી રાત હેરાન કરી નાખશે' મારા આ સૂચન સામે તમે મને નમ્રભાવે કહી દીધું કે 'સાહેબ, રાતના હું ગાડી નથી ચલાવતો. ગાડીમાં નથી બેસતો. ગાડીની હેડલાઇટ પર ઊડતા જીવો એટલા બધા ચોંટી જાય છે કે એ હિંસા મારાથી જોઈ જતી નથી. ચાંચડ-મચ્છર કરડે એ ચલાવી લેવાય પણ જીવોની હિંસા પ્રત્યે આંખમીંચામણા શેં કરી શકાય ?' અને કુમારપાળ, સવારના પહોરમાં તમારા શરીર પર ઉપસી આવેલ લાલ ચાઠાં પણ મેં જોયાં અને તમારા મુખ પર ચમકી રહેલ સ્મિત પણ મેં જોયું.

**કુમારપાળ !**

**લાગે છે કે તમારા જીવનમાં સ્થિર થઈ ગયેલ આ અમારિપાલને જ તમને અમારિ પ્રવર્તનના ક્ષેત્રે આટલી જ્વલંત સફળતા અપાવી હશે !**



કુમારપાળ, ધર્મલાભ.
સાગર પાસે ઊંડાણ હોય છે પણ ઊંચાઈ નથી હોતી. પર્વત પાસે ઊંચાઈ હોય છે પણ ઊંડાણ નથી હોતું પરંતુ પ્રભુશાસનના સાચા સાધક પાસે જ્ઞાનનું ઊંડાણ પણ હોય છે તો પ્રેમની ઊંચાઈ પણ હોય છે.

જ્ઞાનનું ઊંડાણ એની સમજને સમ્યક્ બનાવતું રહે છે. પ્રેમની ઊંચાઈ એની સંવેદનશીલતાને ધબકતી રાખતી હોય છે.

આવા સાધકમાં આપણો નંબર આપણે લગાડી દેવાનો છે.

છ..
રત્નસુંદરસૂરિના
ધર્મલાભ



## ૨૩

રત્નત્રયી ટ્રસ્ટ તરફથી પ્રકાશિત થઈ રહેલ પુસ્તકો સહુને ઘરબેઠાં મળતા રહે એ ખ્યાલે ટ્રસ્ટીઓએ '૧૦૦૦ રૂપિયા ભરો અને આજીવન સભ્ય બનો'ની યોજના જાહેર કરી હતી પરંતુ સતત વધતી જતી મોંઘવારીના કારણે ટ્રસ્ટ આર્થિક સ્તરે થોડીક મુશ્કેલી અનુભવતું હતું.

કુમારપાળ, ટ્રસ્ટના અન્ય ટ્રસ્ટીઓ સાથે તમે મને સુરત મળવા આવ્યા હતા. આ તકલીફને હલ કરવા એક ટ્રસ્ટીએ સૂચન કર્યું કે અત્યારે જેટલા પણ આજીવન સભ્યો છે એ તમામને આપણે પત્ર લખીને પરિસ્થિતિની વિકટતા જણાવીએ અને વિનંતિ કરીએ કે આ પરિસ્થિતિમાંથી ટ્રસ્ટ બહાર આવી જવા માગે છે. તમે જો વધારાના બે હજાર રૂપિયા મોકલી આપો તો સમસ્યા હલ થઈ જાય તેમ છે.

આ સાંભળતા જ કુમારપાળ તમે જણાવ્યું હતું કે 'ઉંમરની જેમ મોંઘવારી તો રોજ વધતી જ જવાની છે. દરેક વરસે ટ્રસ્ટ શું આ રીતે સભ્યો પાસે પૈસાની ભીખ માંગતું રહેશે ? કાં તો આપણે પુસ્તકો ઓછા પ્રકાશિત કરીએ અને કાં તો આપણે અન્ય વ્યવસ્થા ઊભી કરીએ પણ આજીવન સભ્યો પર પૈસા મોકલવા અંગેનો કાગળ તો નહીં જ લખી શકાય !'

**કુમારપાળ !**

**વિચારને રુંધી નાખે એવી વ્યવસ્થા તમે ગોઠવતા નથી તો કારણ વગર વ્યવસ્થાને છિન્નભિન્ન કરી નાખે એવા વિચારને તમે જીવનમાં સ્થાન આપતા નથી. આ અનુભવ મને સતત થતો જ રહે છે. તમારી આ કુનેહ સાચે જ દાદ માગી લે તેવી છે.**

કુમારપાળ,
ધર્મલાભ.
મને જો મૌન રહેતા
નથી આવડતું તો
મારી વાણી
બકવાસ જ બની
રહે છે અને
મને જો બોલતા
નથી આવડતું
તો મારું મૌન
નપુંસક જ બની
રહે છે.
શું કહું ?
કદાચ અનંતકાળે
તો આપણને
વચનલબ્ધિ
પ્રાપ્ત થઈ છે.
એના સદુપયોગની
કળા આપણી પાસે
ન હોય એ શેં
ચાલે ?
કદાચ અનંતકાળે
તો આપણને
વિવેકલબ્ધિ પ્રાપ્ત
થઈ છે. એના
સહારે મૌનના
અવસરને આપણે
ઝડપતાં ન શીખીએ
એ શેં ચાલે ?
દ...
રત્નસુંદરસૂરિના
ધર્મલાભ



## ૨૪

મોરબીમાં મચ્છુડેમ તૂટી ગયાના સમાચાર ચારે ય બાજુ પ્રસરી ગયા છે. માનવો અને પશુઓનો મોતના ખપ્પરમાં હોમાઈ રહ્યાનો આંકડો રોજેરોજ મોટો જાહેર થઈ રહ્યો છે અને કુમારપાળ, તમે તમારા કેટલાક ચુનંદા કાર્યકરોને લઈને સેવાર્થે ત્યાં પહોંચી ગયા છો.

સવારના પહોરમાં તમે ચૂલે ખીચડી મૂકીને કાર્યકરો સાથે નીકળી પડો છો. સાંજના થાક્યા-પાક્યા પાછા આવો છો. ખીચડી વગેરે ખાઈને સૂઈ જાઓ છો અને બીજે દિવસે પુનઃ સજ્જ થઈને સેવાર્થે નીકળી પડો છો. નાક પર રૂમાલ બાંધીને ગંધાઈ રહેલા પશુઓનાં અને માનવોનાં શબોનો નિકાલ કરવામાં તમો સહુ વ્યસ્ત બની ગયા છો.

સેવાનો આ યજ્ઞ પૂર્ણ થયા બાદ તમારી સાથે રહેલ મુંબઈના એક કાર્યકરે મને વાત કરી છે કે 'ગુરુદેવ, સેવાના આ યજ્ઞમાં અમને સામેલ કરતા પહેલાં કુમારપાળભાઈએ અમારા સહુ પાસેથી બબ્બે હજાર રૂપિયા જમવાના ખર્ચ પેટે લઈ લીધા હતા. 'દાતાઓના પૈસે આપણે પીડિતોની સેવા જરૂર કરશું પણ આપણા સહુનાં ભોજનના પૈસા તો આપણે જ કાઢવાના છે' આમ કહીને એમણે અમારી પાસેથી રૂપિયા બબ્બે હજાર લઈ લીધા હતા !

**કુમારપાળ !**

**જીવનના પ્રત્યેક સામાન્ય પ્રસંગને અસામાન્ય બનાવી દેતી તમારી સમ્યક્દૃષ્ટિ સાચે જ સર્વત્ર ચમત્કારો પર ચમત્કારો જ સર્જતી રહેતી હોય તો એમાં કોઈ નવાઈ જેવું હવે નથી લાગતું.**

કુમારપાળ,
ધર્મલાભ..

દેવ-ગુરુનો મારા પર અનુગ્રહ કેટલો ? આ પ્રશ્નનો જવાબ મેળવવા આપણે નથી તો દેવ પાસે જવાનું કે નથી તો ગુરુ પાસે જવાનું. આ પ્રશ્નનો જવાબ મેળવવા આપણે આપણાં હૃદય પાસે જ આવવાનું છે. અને તપાસી લેવાનું છે કે ત્યાં દેવ-ગુરુ પ્રત્યે અનુરાગ કેટલો છે ?

બસ, આપણી દેવ-ગુરુ પરના અનુરાગની માત્રા જેટલી, દેવ-ગુરુનો આપણા પરનો અનુગ્રહ એટલો !

સંદેશ સ્પષ્ટ છે. આકાશમાંથી વરસાદ વરસે જ છે. આપણે પલળશું કેટલા ? જેટલા ખુલ્લા રહ્યું એટલા ! રેઈનકોટમાં બંધ રહ્યું અને છત્રીથી ઢંકાયેલા રહ્યું તો બિલકુલ કોરા ધાકોર !

લિ..
રત્નસુંદરસૂરિના ધર્મલાભ





## ૨૫

પથ્થર પાસે કઠોરતા છે તો કોમળતા નથી. માખણમાં કોમળતા છે તો કઠોરતા નથી. અગ્નિમાં ઉષ્ણતા છે તો શીતળતા નથી. પાણીમાં શીતળતા છે તો ઉષ્ણતા નથી. કેટલાક સાધકો પાસે સત્પ્રવૃત્તિઓની વણઝાર છે તો નિવૃત્તિ નથી. કેટલાક સાધકો પાસે નિવૃત્તિ છે તો બાહ્યથી સદ્પ્રવૃત્તિઓના નામે લગભગ કશું ય નથી.

કુમારપાળ, સત્પ્રવૃત્તિઓમાંની તમારી જબરદસ્ત વ્યસ્તતા જોતાં એમ લાગે કે અંગત સાધના માટે તમારી પાસે કોઈ સમય જ નહીં બચતો હોય અને આત્મનિરીક્ષણ માટે તમે અલ્પ પણ સમય નહીં ફાળવી શકતા હો.

પણ, એવું નથી.

સામાયિક તમે રોજ કરો છો. પ્રભુપૂજા વિના તમને ચેન પડતું નથી. સદ્વાંચન તો તમારું ચાલુ જ હોય છે પણ મનમાં ઉદ્ભવતું શુભ ચિંતન અંગત ડાયરીમાં ટપકાવી દેવાનું પણ તમે ચૂકતા નથી કમાલની વાત તો એ છે કે રાતના નવ વાગ્યા પછી તમે લગભગ કોઈને મળતાં તો નથી જ પણ કોઈનો ફોન ઉઠાવતા ય નથી અને કોઈને ફોન કરતા પણ નથી.

**કુમારપાળ !**

**ગર્ભવતી સ્ત્રી બહારથી બધી જ પ્રવૃત્તિઓ કરે પણ પેટમાં રહેલ બાળકને જેમ ભૂલે જ નહીં તેમ બહારથી આટઆટલી સત્પ્રવૃત્તિઓ ચાલુ રાખીને ય તમે આત્માને સતત સ્મૃતિપથમાં રાખી રહ્યા છો એ જાણી આશ્ચર્યચકિત થઈ જવાય છે !**

કુમારપાળ,
ધર્મલાભ..
દોષોની આપણી
ખુલ્લી ગટરને
ગુરુદેવે માત્ર સાફ
જ નથી કરી આપી,
સદ્‌ગુણોના બંધ
પડેલા અંતરની
બારીનું હુક
પણ ગુરુદેવે ખોલી
આપ્યું છે.
આ જગતમાં
આવો લોકોત્તર
ઉપકાર કરનાર
ગુરુ તત્ત્વ સિવાય
બીજું કોઈ જ નથી.
આ વાત આપણાં
હૃદયમાં એ રીતે
આપણે સ્થિર કરી
દેવાની છે કે મુક્તિ
ન મળે ત્યાં સુધીના
દરેક ભવમાં ગુરુદેવનો
યોગ આપણને થઈને
જ રહે!
'ગુરુ દ્વારા જ પરમ-
ગુરુની પ્રાપ્તિ છે'
પંચસૂત્રની આ પંક્તિ
આપણને એ દિશામાં
દોડતા કરી દેવા
પર્યાપ્ત જ છે ને?
દ.. રત્નસુંદરસૂરિના
ધર્મલાભ



## ૨૬

આજે તો એ ઉદારદિલ સુશ્રાવક સત્કાર્યોનાં અનેક ક્ષેત્રે ખૂબ ખૂબ આગળ વધી ચૂક્યા છે પરંતુ આ ક્ષેત્રમાં પ્રવેશ કર્યાને એમને થોડોક જ સમય થયો હતો અને એમના કાને કુમારપાળ, તમારા દ્વારા ચાલી રહેલ શાસનનાં સત્કાર્યોના સમાચાર આવ્યા. એમણે તમારી પાસે એ કાર્યોની વિગતો જાણવાની જિજ્ઞાસા વ્યક્ત કરી.

પ્રવાસમાં એ તમારી સાથે જોડાયા. તમારા દ્વારા ચાલી રહેલ બે-ચાર કાર્યો સગી આંખે નિહાળવાની એમને ભાવના હતી. પણ દૂર ચાલી રહેલ એ કાર્યોની વાતો તમે એમને પ્રવાસ દરમ્યાન કહી સંભળાવી.

તમારી રજૂઆતમાં જો ગજબનાક પારદર્શિતા હતી તો એ ઉદારદિલ સુશ્રાવક પાસે હૃદયની સુંદર સંવેદનશીલતા હતી. એમણે તમને કહી દીધું, 'કુમારપાળભાઈ, તમારા દ્વારા ચાલી રહેલ કાર્યો કેવા હશે એનો અંદાજ મને તમારી વાતો પરથી જ આવી ગયો છે. આપણે હવે પ્રવાસ લંબાવવાની જરૂર નથી. અહીંથી જ આપણે પાછા ફરીએ. અને હા, તમારાં કાર્યોમાં ફૂલ નહીં તો ફૂલની પાંખડીરૂપે મારા તરફથી તમને રૂપિયા બે કરોડ આપવાનું હું અત્યારે જાહેર કરું છું.'

**કુમારપાળ !**

**સાચા મોતીની જેને તરસ અને પરખ હોય છે એને માનસરોવરના હંસનો યોગ થઈ જ જાય છે એ બાબતમાં તમને જોયા પછી મને કોઈ જ શંકા રહી નથી.**

કુમારપાળ, ધર્મલાભ.
ધજાનું વજન આમ તો હળવું ફૂલ હોય છે પરંતુ મંદિર એના વિના જામતું નથી. બાહ્ય સ્તર પર ચહેરા પરના સ્મિતનું અને આભ્યન્તર સ્તર પર સમ્યક્ શ્રદ્ધાનું વજન સર્વથા હળવું ફૂલ હોય છે પરંતુ એના વિના નથી તો સંસારી જીવન જામતું કે નથી તો અધ્યાત્મનું જીવન જામતું ! સાચે જ એ જીવો દરિદ્ર છે કે જેમના પાસે નિર્દોષ સ્મિતની અને સમ્યક્ શ્રદ્ધાની મૂડી જ નથી.

રત્નસુંદરસૂરિના ધર્મલાભ



## ૨૭

કુમારપાળ, પાલિતાણા, સિદ્ધક્ષેત્ર વર્ધમાન તપ આયંબિલ ખાતામાં સાધુ-સાધ્વીજી ભગવંતોની શાતા-સમાધિ-સંયમશુદ્ધિ-પ્રસન્નતાર્થે ચાલી રહેલ વૈયાવચ્ચ ખાતાનું સંચાલન જ્યારથી તમારા હાથમાં આવ્યું છે ત્યારથી એ વૈયાવચ્ચ ખાતાના ગૌરવને જે ચાર ચાંદ લાગી ગયા છે એનું શબ્દોમાં વર્ણન કરવું શક્ય નથી.

પાલિતાણાની યાત્રાએ ગયેલ જે પણ શ્રાવક કે શ્રાવિકા એ વૈયાવચ્ચ ખાતાની વ્યવસ્થા નિહાળવા આવે છે, એની આંખમાંથી હર્ષનાં આંસુ વહેવા લાગે છે. એમનું મન માની જ નથી શકતું કે આવી અદ્‌ભુત વ્યવસ્થા તમે ગોઠવી શકો !

વૈયાવચ્ચ ખાતાના ગોડાઉનો સાધુ-સાધ્વીજીના ઉપયોગમાં આવતાં ઉપકરણોથી ય છલોછલ છે તો તમામ પ્રકારની દવાઓથી ય ભરેલા છે. પાત્રા-તરપણીઓ પણ એમાં ભરપૂર છે તો દાંડા-દંડાસનો ય પાર વિનાનાં છે. કલરકામ માટેની સામગ્રીઓ પણ ભરપૂર છે તો આસન-કામળીઓની સંખ્યા પણ બેસુમાર છે. સ્ટેશનરી આઇટમો પણ ભરપૂર છે તો કથરોટ, ડોલ, તપેલાંઓનો પણ પાર નથી. સાબુ-પાઉડર-બ્રશ પણ ઓછા નથી તો અંતિમ સંસ્કારવિધિની સામગ્રીઓ પણ પર્યાપ્ત પ્રમાણમાં છે.

**કુમારપાળ !**

**સાધુ-સાધ્વીજી ભગવંતોની હૃદયના પ્રચંડ બહુમાનભાવ સાથે તમારા દ્વારા અને તમારા સાથીઓ દ્વારા થઈ રહેલ આ ભક્તિથી ઊભું થઈ રહેલ પુણ્ય તમે કઈ રીતે ભોગવશો, એનું આયોજન અત્યારથી જ તમે વિચારી રાખજો.**



કુમારપાળ,
ધર્મલાભ..
અભિમાની પોતે જ
પોતાની જાતને એટલું
બધું માન આપી દેતો હોય
છે કે પછી બીજાઓ એના
સન્માન કરવામાંથી મુક્ત
બની જતા હોય છે.
આપણે સન્માનીય
કાર્યો જરૂર કરીએ
પણ માનપત્રથી તો
દૂર જ રહીએ.
દ. રત્નસુંદરસૂરિના
ધર્મલાભ

## ૨૮

'મહારાજ સાહેબ, મારે સાત આંકડાની રકમનો સત્કાર્યોમાં સદ્‌વ્યય કરવો છે. કયા ક્ષેત્રમાં મારે કેટલી રકમ કઈ રીતે ખરચવી એનું માર્ગદર્શન લેવા હું આપની પાસે આવ્યો છું. આપ મને માર્ગદર્શન આપશો ?'

ગોરેગામ-મુંબઈના એક સર્વથા અપરિચિત શ્રાવક પરેલના ઉપાશ્રયમાં વંદનાર્થે આવ્યા હતા. અને એમણે મારી પાસે આ વાત મૂકી.

મેં એમને કુમારપાળ,તમારું સરનામું આપી દીધું. થોડીક આનાકાની બાદ એમણે તમારી પાસે આવવાનું સ્વીકારી લીધું.

લગભગ ત્રણેક મહિના બાદ એ ભાઈ મને મળવા આવ્યા અને એમણે મને જે વાત કરી એ એમના જ શબ્દોમાં :

'મહારાજ સાહેબ, કુમારપાળભાઈને મળ્યા પછી, એમની સાથે રહીને રકમનો સદ્‌વ્યય કર્યા પછી હું એ તારણ પર આવ્યો છું કે આપે મને કેવળ સંપત્તિનો સદ્‌વ્યય કરવાનું સરનામું જ નથી આપ્યું, આપે તો મારા જનમોજનમ સુધારી દેવાનું સરનામું આપી દીધું છે. મારી ભાવના તો એવી છે કે દર વરસે કુમારપાળભાઈ હસ્તક મારે ઓછામાં ઓછા ૧૧,૦૦,૦૦૦ રૂપિયા તો વાપરવા જ !'

**કુમારપાળ !**

**ફરિયાદ માટે પોસ્ટકાર્ડ પણ મોટું પડે અને ધન્યવાદ આપવા માટે કમ્પ્યૂટર પણ નાનું પડે, આવી કાર્યપદ્ધતિના સ્વામી બની બેઠેલા તમે કૉલેજમાં ભણ્યા છો ક્યાં સુધી ?**



કુમારપાળ,
ધર્મલાભ.
પ્રેમ કરતા શીખવું
એ જીવનનો
પહેલો મોટો
પડકાર છે એના
કરતાં અનેકગણો
મોટો પડકાર તો
પ્રેમને જીવનમાં
જીવવો એ છે.
'પ્રેમને જીવનમાં
જીવવો એટલે ?'
એટલે આ જ કે
સામી વ્યક્તિના
સ્વપ્રત્યેના ગમે
તેવા પ્રતિકૂળ
વર્તાવ સામેય
આપણો પ્રતિભાવ
શાંત હોય,
સ્વસ્થ હોય,
મસ્ત હોય,
સ્મિતસભર હોય.
પ્રભુની પૂજા
એ તો સાધના
છે જ પરંતુ
પ્રતિકૂળ વર્તાવનો
પ્રેમસભર પ્રતિભાવ
એ પણ મામૂલી
સાધના તો નથી
જ. એટલું જ
કહીશ કે એ
દિશામાં આપણે
આગળ વધતા જ
રહેવાનું છે.
હ.. રત્નસુંદરસૂરિના
ધર્મલાભ

## ૨૯

મધ્યપ્રદેશના વિચરણ દરમ્યાન મને વરસોથી એ જ પ્રદેશમાં વિચરી રહેલ એક પંન્યાસજી મહારાજ મળી ગયા છે. એમની પ્રેરણાથી એક જિન મંદિરના થયેલ જીર્ણોદ્ધારમાં કુમારપાળ, તમારો કેવો મસ્ત સહયોગ એમને મળ્યો છે એની વાત તેઓ ખૂબ પ્રસન્નતાથી કરી રહ્યા હતા. અચાનક એમણે મને વાત કરી.

'રત્નસુંદર મહારાજ, કુમારપાળના સ્વભાવને પહોંચી વળવું ખૂબ મુશ્કેલ છે.'

'કેમ શું થયું ?'

'આ જિનમંદિરના જીર્ણોદ્ધારમાં મને એમના સહયોગથી દેવદ્રવ્યની સારી એવી રકમ મળી અને એ હકીકતનો ઉલ્લેખ મેં જિનમંદિરની બહાર લગાયેલ આરસની તકતી પરના લખાણમાં કર્યો. ખબર નહીં એમને આ હકીકતની ક્યાંથી ખબર પડી ગઈ ? એમનો મારા પર કડક પત્ર આવી ગયો. 'જિર્ણોદ્ધાર પ્રભુના મંદિરનો થયો. એમાં રકમ દેવદ્રવ્યની વપરાઈ અને તકતી પર આપે મારું નામ સહયોગદાતા તરીકે લખાવ્યું છે એવા સમાચાર મારા કાને આવ્યા છે. મારી વેદનાનો પાર નથી. હવે પછી હું કદાચ...'

**કુમારપાળ !**

**આત્મવિકાસની ઇમારતનો પાયો તમે કેટલો બધો મજબૂત બનાવી દીધો છે કે ક્યાંય તમે તમારા અંતઃકરણ સાથે ગલત સમાધાન કરી દેતા જ નથી.**



કુમારપાળ, ધર્મલાભ.
બે પ્રકારના જીવો આ સંસારમાં દુર્લભ છે. યાદ રાખ્યા વિના આપી દેનારા અને ભૂલી ગયા વિના લેનારા. આનો અર્થ? આ જ છે કે આપણે સહુને અપાય એટલું આપતા રહીએ પણ આપ્યા બાદ યાદ ન રાખીએ. લઈએ ભલે કોકની પાસેથી થોડામાં થોડું પણ એને ભૂલી જવાની ભૂલ તો ન જ કરીએ.

દ..
રત્નસુંદરસૂરિના
ધર્મલાભ



## 30

પાલિતાણાથી વિહાર કરીને અમદાવાદ તરફ જતાં વચ્ચે કલિકુંડમાં ચારેક દિવસ કરેલ સ્થિરતા દરમ્યાન એક દિવસ તમારી વિનંતિને માન આપીને કુમારપાળ, બપોરના સમયે તમારા આવાસસ્થાને હું આવ્યો હતો.

સાતે ય ક્ષેત્રોની, જીવદયાની અને અનુકંપાની દિશામાં તમે કઈ ગતિથી કઈ રીતે કાર્યો કરી રહ્યા છો તેની જાણકારી હું તમારા પાસેથી મેળવી રહ્યો હતો અને એ ગાળામાં એક પ્રૌઢ બહેન હાથમાં કાજુની બરણી લઈને તમારા ટેબલ પર મૂકી દઈને બોલ્યા, 'કુમારપાળભાઈ, તમે વાપરજો અને સહુને વપરાવજો' તમે હા-ના કાંઈ કરો એ પહેલાં તો એ બહેન ઘરની બહાર નીકળી ગયા.

આ બાજુ પાંચ જ મિનિટ પસાર થઈ હશે અને એક છોકરો આવ્યો, 'સાહેબ, હું સાધ્વીજી ભગવંત સાથે પાલનપુરના વિહારમાં જાઉં છું' અને આ સાંભળતાની સાથે જ કુમારપાળ, તમે ટેબલ પર હમણાં જ મુકાયેલ કાજુની બરણી એ છોકરાના હાથમાં પકડાવી દીધી. 'આમાંથી તું ખાજે અને વિહારમાં સાધ્વીજી ભગવંતને વહોરાવતો રહેજે.'

**કુમારપાળ !**

**કષ્ટો વચ્ચે પર્વતની જેમ અડગ ઊભા રહી જતા તમે પરોપકારના પ્રસંગે નદીની જેમ જે પ્રસન્નતાથી ખળખળ વહી જાણો છો એને બિરદાવવા માટે મારા શબ્દકોશમાં તો કોઈ શબ્દો હોય એવું મને લાગતું નથી !**



કુમારપાળ,
ધર્મલાભ..
આપણને પરમાત્મા મહાવીરદેવ પર પ્રેમ છે. પરમાત્મા મહાવીરદેવ પાછળ પાગલ બની ગયેલા ગૌતમસ્વામી પર પણ પ્રેમ છે પરંતુ પરમાત્મા મહાવીરદેવે જે ચંડકૌશિક સર્પને પોતાના પ્રેમનું ભાજન બનાવ્યો એ ચંડકૌશિક સર્પ પર આપણો પ્રેમ ખરો ? પ્રભુભક્તિ, ગુરુભક્તિ બરાબર છે, જીવમૈત્રીનું શું ?



## ૩૧

વરસો પહેલાંની આ વાત છે. મે વૅકેશનની યુવાશિબિર યોજાઈ હતી કપડવંજમાં. શિબિરાર્થી યુવાનો તો શિબિરમાં ચાલી રહેલ પ્રવચનોથી ખુશ હતા જ પણ કપડવંજ સંઘનાં ભાઈઓ-બહેનો પણ ગુરુદેવનાં પ્રવચનોથી ભારે આનંદિત હતા.

બન્યું એવું કે શિબિરમાં બનાસકાંઠાથી આવેલ દસેક યુવાનોમાંના એક યુવાનની વર્તણૂક શિબિરના સુંદર વાતાવરણને કલુષિત કરી રહી હતી. કુમારપાળ, શિબિરના સંચાલક તરીકે તમે એને એની વર્તણૂક સુધારી લેવા કડક શબ્દોમાં ચેતવણી પણ આપી, પણ વ્યર્થ !

અને તમે એને ચાલુ શિબિરે ઘર ભેગા થઈ જવાની આજ્ઞા કરી. એ યુવક ઘરે તો ન ગયો પણ ફોન કરીને એના પિતાજીને એણે બનાસકાંઠાથી કપડવંજ બોલાવી લીધા અને એના પિતાજી તમારા પર રીતસરના વરસી પડ્યા,

'તમે સમજો છો શું તમારા મનમાં ? મારો દીકરો તમે ધારો છો એવો ખરાબ નથી.'

'તમારો દીકરો ખરાબ નથી એટલે તો અમે એને શિબિરમાં રાખવા માગતા નથી; કારણ કે આ શિબિરો તો ખરાબ છોકરાઓને સુધારવા માટે છે !' ઠંડે કલેજે તમે આપેલા આ જવાબની સામે એ યુવકના બાપને ઠંડા પડી જવા સિવાય બીજો કોઈ વિકલ્પ જ નહોતો બચ્યો.

**કુમારપાળ !**

**ચા પહોળા વાસણમાં ગરમ રહી શકતી નથી. તમારા વિશાળ હૃદયમાં ક્રોધની ગરમી પણ ક્યાં રહી શકી છે ?**

કુમારપાળ,
ધર્મલાભ..
સતત ટૂંકા થઈ રહેલ જીવનમાં આપણે ધર્મ સિવાય બીજું કશું ય વધારવા જેવું નથી.
અલબત્ત, ઉંમર જેમ જેમ વધતી જશે, શરીરથી થતા ધર્મોમાં કડાકો બોલાતો જ જશે..
વધુ ઉંમર થતા વચનના ધર્મોમાંય કદાચ હ્રાસ થતો જશે અને બની શકે કે આગળ જતા મન પણ નબળું પડી જવાના કારણે તજ્જન્ય ધર્મો પણ ઘટવા લાગે.
એક જ કામ આપણે અત્યારે કરી લેવાનું છે. તત્ત્વની રુચિ, અંતઃકરણની પરિણતિ, જીવો પ્રત્યેની પ્રીતિ અને પ્રભુ પ્રત્યેની ભક્તિ આ ચારેયને એ હદે હૃદયમાં સ્થાન આપી દઈએ કે શરીરની ગમે તેવી સ્થિતિમાં ય આપણી સમાધિ અકબંધ જ રહે.
છે..
રત્નસુંદરસૂરિના
ધર્મલાભ

*પુરપીડિતો વચ્ચે જઈને એમના દુઃખોમાં સહભાગી બનવાની તમારી વૃત્તિ-પ્રવૃત્તિ કાયમ અનેક માટે મૂક સંદેશરૂપ બની જ રહી છે.*



૩૨

'કુમારપાળ, ભારતનાં કેટકેટલાં ક્ષેત્રોમાં જઈને તમે પ્રભુશાસનનાં કાર્યો કરી આવ્યા છો ? જીવદયા અને અનુકંપાનાં કાર્યો માટે ય તમે ક્યાં ક્યાં નથી જઈ આવ્યા ? યુવાનોના જીવન ઘડતર માટે તમે શિબિરો પણ ક્યાં ક્યાં નથી કરી આવ્યા ? ક્યારેય તમને મન નથી થતું કે હવે ભારત બહાર અમેરિકા વગેરે સ્થળોએ જઈને પણ પ્રભુશાસનની ભવ્યતાની વાતો ત્યાંના લોકોને કરી આવું ?' આ પ્રશ્ન કુમારપાળ, મેં તમને કલિકુંડ તીર્થના ઉપાશ્રયમાં પૂછ્યો હતો. તમે મને જવાબ આપતા એટલું જ કહ્યું હતું કે,

'એ ક્ષેત્રોના આગેવાનો તરફથી મને ત્યાં જવાનાં આમંત્રણો અનેકવાર મળ્યા છે અને હજીય મળી રહ્યા છે પણ શું કહું આપને ? અહીં ભારતમાં જ એટલાં કાર્યો કરવાનાં ઊભાં છે કે હું ત્યાંય બધે પહોંચી વળતો નથી. જીવન ટૂંકું પડે અને કાર્યો ઊભા જ રહે એ સ્થિતિ છે અહીંની. હું ત્યાં જઈને કરું શું ?'

'ફંડ મળી રહે'

'ફંડ ? અહીંના દાતાઓને પણ એમની રકમ લઈને હું સંતુષ્ટ કરી શકતો નથી ત્યાં પરદેશનું ફંડ લઈને કરું શું ?'

**કુમારપાળ !**

**પૈસો પૈસાને ખેંચે છે કે નહીં એની તો ખબર નથી પણ પુણ્ય પુણ્યને કેવું ખેંચતું રહે છે એની પ્રતીતિ તો તમને જોયા પછી એવી જબરદસ્ત થઈ ગઈ છે કે એ પ્રતીતિની ઇમારતની કાંકરી પણ કોઈ ખેરવી શકે તેમ નથી.**





33

કુમારપાળ,
ધર્મલાભ.
અશક્તને આપણે શું આપીએ
છીએ એ તો મહત્ત્વનું છે જ પરંતુ
અશક્ત હોવા છતાં આપણે કોનું અને
કેટલું સહન કરીએ છીએ એ પણ ઓછું
મહત્ત્વનું નથી.
પ્રભુ વીરના જીવનને આપણે આંખ સામે
રાખશું તો આ બંને બાબતો આપણને બરાબર
સમજાઈ જશે.
ચણ ચણી રહેલા કબૂતરો ઊડી ન જાય
એ ખ્યાલે એ પરમ કરુણાસાગરે પોતાનો
ગોચરીનો રસ્તો બદલી દીધો છે તો સ્વયં
અતુલબલી હોવા છતાં તુચ્છ અને પ્રાકૃત
માણસો તરફથી આવેલા જાલિમમાં
જાલિમ કષ્ટો પણ એ તારકે હસતાં
હસતાં સહી લીધા છે.
આપણા માટે પણ આ જ રાહ
શ્રેયસ્કર છે. અશક્તને સહાય
કરીએ. અશક્ત હોવા છતાં
સહન કરીએ.
લિ..
રત્નસુંદરસૂરિના
ધર્મલાભ

'પણ કુમારપાળ, રાતના બે વાગે ઊઠીને ઘાસની ટ્રકમાંથી ઘાસ ઉતારવા તમારે જવાનું ? તમે એ માટે રાખેલા માણસો ઘાસની ગાંસડીઓ ટ્રકમાંથી ઉતારી લેવાનું કામ ન કરી લે ?'

શેખડીના પશુ કૅમ્પની મુલાકાતે કુમારપાળ, તમારા અતિ આગ્રહથી હું આવ્યો હતો ત્યારે તમારી વાત સાંભળ્યા પછી મેં તમને આ પ્રશ્ન પૂછ્યો હતો. મારા આ પ્રશ્નના પ્રત્યુત્તરમાં તમે મને જે વાત જણાવી એ સાંભળીને તો હું દુઃખદ આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયો હતો. તમે મને જણાવ્યું કે,

'સાહેબ, ઘાસની ટ્રકમાં ઘાસ જ આવે છે એવું નથી બનતું. ક્યારેક પૈસાના લોભના પાપે ટ્રકમાં ઘાસ ભરનારાઓ પહેલાં વજનદાર પથરાઓ પણ મૂકી દેતા હોય છે અને પછી એની ઉપર ઘાસ રાખી દેતા હોય છે. ટ્રક અહીં આવે, કાંટા પર એનું વજન થાય અને એ વજન પ્રમાણે એના પૈસા ચૂકવાઈ જાય. હું એ વખતે હાજર એટલા માટે રહું છું કે ટ્રકવાળાઓ ઘાસના નામે પથરાઓના પૈસા તો લઈ જતા નથી ને ? દાતાઓ મારા ભરોસે જીવદયાની લાખોની રકમ મારા પર મોકલતા હોય છે. એના આ ભરોસાને મારે સાર્થક તો કરવો જ જોઈએ ને ?

**કુમારપાળ !**

**પોતાની સંપત્તિનો પૈસા-પૈસાનો હિસાબ રાખનારા તો ઘણાં જોયા છે પણ પરોપકાર માટે મળેલ સંપત્તિના પૈસા-પૈસાનો સદ્‌વ્યય જ થતો રહે એ માટે આવી ચીવટ રાખનારો તમારા જેવો જાગ્રત કાર્યકર મેં તો કોઈ જ જોયો નથી !**

કુમારપાળ,
ધર્મલાભ.
મનને સંભળાવતા
રહેવાનું સત્ત્વ જો આપણામાં
પેદા થઈ જાય અને હૃદયનું
સાંભળતા રહેવાની સદ્બુદ્ધિ
જો આપણામાં પ્રગટી જાય
તો મને એમ લાગે છે કે
જીવનમાંથી દોષોને રવાના
કરવાની બાબતમાં આપણને
ઘણી સફળતા મળીને જ
રહે અને જીવનને સદ્ગુણોથી
મઘમઘતું રાખવામાં ય
આપણને કોઈ જ જાતની
તકલીફ ન પડે. શું કહું?
મનનું આપણે સાંભળતા
જ આવ્યા છીએ, એ ભૂલે
જ આપણે હૃદયના
અવાજની અવગણના
કરી બેઠા છીએ!

લિ.
રત્નસુંદરસૂરિના
ધર્મલાભ



૩૪

અનંતોપકારી પૂજ્યપાદ ગુરુદેવશ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની અનરાધાર વરસી રહેલ કૃપાવર્ષાના પ્રભાવે અને મા સરસ્વતીના મંગળ આશીષના પ્રભાવે સાહિત્યસર્જનની દિશામાં પા પા પગલી માંડવાનું મેં શરૂ કર્યું હતું. અને એ પૂજ્યશ્રીના સૂચનથી જ રત્નત્રયી ટ્રસ્ટની સ્થાપના કરીને એ ટ્રસ્ટ દ્વારા જ સાહિત્યનું પ્રકાશન કરવાનું નક્કી થઈ ચૂક્યું હતું.

કુમારપાળ, એ ટ્રસ્ટના એક ટ્રસ્ટી તરીકે તમારે પણ રહેવાનું છે એની મેં જ્યારે તમારી સમક્ષ વાત મૂકી હતી ત્યારે આત્મીયભાવે તમે મને સલાહ આપી હતી કે -

'આપે આપનો પૂરો સમય સાહિત્યસર્જનમાં જ આપી દેવાનો છે. ટ્રસ્ટ પાસે રકમ કેટલી છે, કઈ બૅન્કમાં ટ્રસ્ટના રૂપિયા રોકાવાના છે, એનું વ્યાજ કેટલું આવવાનું છે, ભવિષ્યમાં ટ્રસ્ટના આજીવન સભ્યો કઈ રીતે બનાવવાના છે વગેરે એક પણ બાબતમાં આપે પડવાનું નથી. આપ વધુમાં વધુ સાહિત્યસર્જન કરતા રહો. ટ્રસ્ટ આપના સાહિત્યને પ્રકાશિત કરતા રહેવામાં ક્યારેય પાછી-પાની નહીં કરે.

**કુમારપાળ !**

**એ દિવસોમાં તમારા તરફથી મળેલ એ સલાહે આટઆટલા સાહિત્યના સર્જન પછી ય મને મારા સંયમજીવનની મર્યાદામાં રહેવામાં કેટલો અગત્યનો ભાગ ભજવ્યો છે એ તો હું જ જાણું છું. ટ્રસ્ટની સ્થાપના પહેલાં આવી સલાહ મને મળી ગઈ એને હું મારું સદ્ભાગ્ય માનું છું.**



કુમારપાળ,
ધર્મલાભ.

સહન કરવાનો અભ્યાસ સહિષ્ણુતાને વધારતો રહે છે જ્યારે સુખશીલતાનો અભ્યાસ સહિષ્ણુતાને ઘટાડતો રહે છે.

અનંત અનંત કાળથી ચાલ્યા આવતા સંસારપરિભ્રમણના કેન્દ્રમાં બે દોષ ખૂબ અગત્યનો ભાગ ભજવી ગયા છે. ૧. શરીરની સુખશીલતા અને ૨. મનની સ્વચ્છંદતા.

આપણે એ બંને દોષોના જોરને ઘટાડી દેવા બે રસ્તા અપનાવી લેવા જેવા છે. સહિષ્ણુતાના અભ્યાસ દ્વારા સુખશીલતા સામે અને સમર્પણના અભ્યાસ દ્વારા સ્વચ્છંદતા સામે લાલ આંખ કરી દેવા જેવી છે. આપણે ન્યાલ થઈ જઈશું.

દ.
રત્નસુંદરસૂરિના
ધર્મલાભ

૩૫

'કુમારપાળ, વિહારના એ ગામમાં અમે સાંજના પહોંચ્યા હતા. ઊતરવા માટે સ્કૂલમાં ગયા. ન મળી. ધર્મશાળામાં ગયા. કોઈએ હા ન પાડી. એક જણના મકાનમાં ગયા. ચાવી ન મળી. દોઢ કલાક આમથી તેમ અમે ફરતા રહ્યા ત્યારે એક સ્થળે ઊતરવા મળ્યું.

મારે તમને એટલું જ કહેવું છે કે એ ગામમાં સાંજના સમયે સાધ્વીજી ભગવંતો પહોંચી ગયા હોય અને એમને ય જો આ રીતની તકલીફો થાય તો એમના શીલ-સંયમની રક્ષાનું થાય શું ?'

કલિકુંડમાં ઉપાશ્રયમાં કુમારપાળ તમે બેઠા હતા અને મેં વિહારના એક ગામમાં અમને પડેલ તકલીફની તમારી સમક્ષ રજૂઆત કરી હતી.

તમે મારી પાસે એ ગામનું નામ જાણી લીધું. ડાયરીમાં નોંધી લીધું અને મને તમે એટલું જ કહ્યું કે 'એ અંગે હું મારાથી શક્ય પ્રયાસો કરું છું' કમાલનું આશ્ચર્ય તો એ અનુભવ્યું કે અમે કલિકુંડથી વિહાર કરીને અમદાવાદ પહોંચ્યા અને એ સમય દરમ્યાન તો તમે એ ગામમાં એક તૈયાર મકાન ખરીદી લઈને એના પર ઉપાશ્રયનું નામ પણ આપી દીધું હતું !

**કુમારપાળ !**

**સમયપાલન અને વચનપાલન, એ બંનેમાં તમે કયા ક્ષેત્રે આગળ નથી વધ્યા એ આટલાં વરસો પછી ય હું સમજી શક્યો નથી. કમાલ જ છે ને ?**






## ૩૬

ગુજરાતમાં બે વરસના દુષ્કાળ પછીનું ત્રીજું વરસ ચાલી રહ્યું હતું. ઘાસ અને પાણીના અભાવે હજારો પશુઓ મોતના મુખમાં હોમાઈ જવાની સંભાવના દેખાતાં કુમારપાળ, તમે ગુજરાતમાં-ખાસ કરીને સૌરાષ્ટ્રમાં ઠેર ઠેર પશુકૅમ્પો ખોલી દીધા હતા. હજારોની સંખ્યામાં એ કેમ્પોમાં ચારેય બાજુથી પશુઓ જ નહોતા સાચવવાના, માલધારીઓને પણ તમારે સાચવી લેવાના હતા.

પણ, તમારી સૂઝ-બૂઝ, આવડત-કુનેહ-નિષ્ઠા-લાગણી વગેરેએ કમાલ કરી ! તમે એવું જડબેસલાક તંત્ર ગોઠવી દીધું કે સર્વત્ર તમારા હસ્તક ચાલી રહેલ પશુકૅમ્પોની સુવાસ પ્રસરી ગઈ.

ગુજરાત સરકારે દુષ્કાળની પરિસ્થિતિને ખ્યાલમાં રાખીને પશુદીઠ નિશ્ચિત સબસીડી જાહેર તો કરી હતી પણ તમારા હસ્તક ચાલી રહેલ પશુકૅમ્પો અંગે સરકારે એક નીતિ બનાવી દીધી હતી કે એ કૅમ્પોમાં રહેલાં પશુઓ અંગે તમે જે આંકડો બતાવો એ મુજબ સબસીડી આપી જ દેવી. એ આંકડા મુજબ કેમ્પોમાં પશુઓ છે કે નહીં એની ગણતરી ન જ કરવી.

**કુમારપાળ !**

**મન ક્ષેત્રે કમળ જેવી અલિપ્તતા અને વ્યવહારક્ષેત્રે દર્પણ જેવી નિર્મળતા, આ બંને સદ્‌ગુણોને તમે કઈ હદે વિકસિત કર્યા હશે ત્યારે જ આ વિશ્વાસનું ભાજન બની શક્યા હશો ને !**



કુમારપાળ,
ધર્મલાભ.

શરીર પર જામી
જતી વધુ પડતી
ચરબી, હૃદય માટે જોખમી
પુરવાર થઈ શકે છે એની
ખબર તો આજના કાળે કોને
નથી એ પ્રશ્ન છે.
પરંતુ
મનના ક્ષેત્રે જામી જતી ભૌતિક
ચરબી હૃદયની સંવેદનશીલતા
માટે જોખમી બની રહે છે એની
ખબર તો આજે કોને છે એ પ્રશ્ન છે.
શું કહું ?
સ્વાધ્યાય યોગમાં આગળ વધતા
રહેવાનું અને સંવેદનશીલતાને
ટકાવી રાખવાની, આ
પડકાર આપણે ઝીલી
લેવો જ રહ્યો
છે..
૨૮ રત્નસુંદરસૂરિના
ધર્મલાભ

## ૩૭

'ગુરુદેવ, આપ પાલિતાણાથી અમદાવાદ પધારી રહ્યા છો તો મારી એક વિનંતિ છે' કુમારપાળ, તમે પાલિતાણાની એક ધર્મશાળામાં મને વાત કરી રહ્યા છો.

'બોલો'

'વિહારનાં ગામડાંઓમાં આપ જે પણ ઉપાશ્રયમાં સ્થિરતા કરો એ ઉપાશ્રયમાં સંયમપાલનમાં, શાતા કે સમાધિમાં બાધક બની શકે એવી જે પણ અગવડો હોય એની એક કાગળ પર નોંધ કરી લેવાનું આપના કોઈ શિષ્યને આપ સૂચન કરી દો.

અમે તો ગૃહસ્થો છીએ. આપને સંયમપાલન માટે કેવી વસતિ અનુકૂળ આવે એની અમને વ્યવસ્થિત જાણકારી હોતી નથી. એ અગવડો તરફ આપ અમારું ધ્યાન દોરી દો. બાકીનું બધું અમે અમારી રીતે યોગ્ય કરી દેશું.'

અને કુમારપાળ, કલિકુંડમાં તમારા હાથમાં એ જરૂરી સુધારા-વધારાની નોંધવાળો કાગળ મેં પકડાવી તો દીધો પણ મારા આશ્ચર્ય વચ્ચે માત્ર ચાર જ દિવસમાં તમે એ નોંધના આધારે તે-તે ઉપાશ્રયમાં જરૂરી તમામ ફેરફારો કરાવી લીધા. હું અમદાવાદ પહોંચ્યો ત્યાં સુધીમાં તો બધા જ સુધારાઓ સંપન્ન થઈ ચૂક્યા હતા !

**કુમારપાળ !**

**સંયમજીવન પ્રત્યેનો તમારો આ અનુરાગ, સંયમીઓ પ્રત્યેનો તમારો આ અનુરાગ જોયા-જાણ્યા-અનુભવ્યા પછી 'તમને પુદ્ગલનો રાગ સતાવતો કેમ નથી' એ મારી શંકાનું સમાધાન થઈ ગયું છે.**




# ૩૮

'મહારાજ સાહેબ, કુમારપાળભાઈના હૃદયની મહાનતાને સમજવાનું અમારું તો શું, કદાચ કોઈનું ય ગજું નથી.'

કુમારપાળ, ભૂકંપ વગેરેનાં રાહત કાર્યોમાં સતત તમારી સાથે જ રહેતા એક કાર્યકરે જ્યારે મને આ વાત કરી ત્યારે મેં એને જ પૂછી લીધું.

'કોઈ ખાસ અનુભવ ?'

'કુમારપાળભાઈને એમ લાગે કે આ સાધર્મિકની સ્થિતિ નબળી છે, એની ભક્તિ કરવા જેવી છે. બસ, એ અમને ઑર્ડર કરી દે. 'આમને રૂપિયા ૧૦,૦૦૦ આપી દો' અમે એમને કહીએ કે 'આપણે એમની બાબતમાં થોડીક પાકી જાણકારી મેળવી લઈએ તો કેમ ?'

એમનો જવાબ આ જ હોય. 'સાધર્મિકોની ભક્તિ કરવા આપણને જેઓએ રકમ આપી છે તેઓએ આપણને એમ કહ્યું છે ખરું કે તમે સાધર્મિક ભક્તિ કરતા પહેલાં એનું ચેકિંગ કરી લેજો ? જો ના, તો પછી આપણે બુદ્ધિના રસ્તે એમનું પૉસ્ટમૉર્ટમ કરતા રહીને આપણા હૈયાના ભાવોને કલુષિત કરતા રહેવાની શી જરૂર છે ? કાયમ યાદ રાખજો કે વિવેકને હાજર રાખીને કરાતી ભક્તિ કાયમ સુંદર ફળ આપનારી જ બની રહે છે.

**કુમારપાળ !**

**સોનાની મૂર્તિ જેવા હૃદયને લોખંડનું પ્રતિનિધિત્વ ધરાવતા બુદ્ધિના ત્રાજવામાં ન જ મૂકવાના તમારા ઉદાત્ત અભિગમને ખૂબ ખૂબ ધન્યવાદ છે.**






**૩૯**

'તમારી ઉદારતાની વાતો કર્ણોપકર્ણ સાંભળવા મળે છે અને હૈયું સ્તબ્ધ થઈ જાય છે. આ કાળમાં આવી ઉદારતા ? અને એ ય ઘોંઘાટ વિનાની ઉદારતા ? ધન્યવાદ છે તમને' જૈન સંઘમાં કદાચ બહુ ઓછા જાણીતા અને છતાં દર વરસે ઓછામાં ઓછા પાંચેક કરોડ રૂપિયાનો સદ્વ્યય કરી રહેલા એ ઉદારદિલ શ્રાવકની ઉદારતાની હું એમની સન્મુખ જ ઉપબૃંહણા કરી રહ્યો હતો.

'મહારાજ સાહેબ, એક વાત હું આપને કરું ? પુણ્યને ઉદયમાં કઈ રીતે લાવવું, એની તો અક્કલ મારી પાસે પર્યાપ્ત પ્રમાણમાં છે અને એ અંગેનો પુરુષાર્થ કરવામાં પણ હું પાછો પડતો નથી પણ પુણ્યનો બંધ કઈ રીતે કરવો, એની અક્કલ આજે પણ મારી પાસે નથી અને એ અક્કલ મને કદાચ કોઈ આપે તો ય તદનુરૂપ પુરુષાર્થ હું કરી શકું તેમ નથી.

આ તો ગતજન્મનું મારું પ્રચંડ પુણ્ય કે મને કુમારપાળભાઈ મળી ગયા છે. પૈસો મારો પણ અક્કલ એમની અને સંપત્તિના સદ્વ્યય અંગેનો પુરુષાર્થ પણ એમનો. હું બધી જ રકમ એમને આપી દઉં છું. સંપત્તિના સદ્વ્યય અંગેની એમની સૂઝ-બૂઝનો કોઈ જોટો નથી' એ ઉદારદિલ શ્રાવક આટલું બોલતા બોલતા ગદ્ગદ્ થઈ ગયા.

**કુમારપાળ !**

**તમે જેની પણ સાથે પ્રેમનો સંબંધ બાંધો છો એને અહોભાવથી માણતા રહો છો પણ માલિકીભાવથી તાણતા નથી રહેતા એ તમારા હૃદયની ગજબનાક ઊંચાઈ છે.**

કુમારપાળ,
ધર્મલાભ.
જીવનમાં કેટલાય પ્રસંગો એવા આવતા હોય છે કે જેમાં જાતને વધુ બુદ્ધિમાન થતી રોકવી જ પડતી હોય છે.
પ્રભુના દર્શનમાં પાગલ બનવું છે, ત્યાં બુદ્ધિમત્તા શું કામ લાગશે? દુષ્કાળના સમાચાર કાને આવે છે. એવા સમયે લાગણીને ઝંકૃત કરવી છે. બુદ્ધિમાની શું કામ લાગશે? પ્રભુવચનોના શ્રવણે હૈયાને પાગલ પાગલ બનાવવું છે. ધારદાર બુદ્ધિ ત્યાં કેટલી ઉપયોગી બનશે? એટલું જ કહીશ કે ભીના થવાના પ્રસંગોમાં બુદ્ધિને હૃદયની આજ્ઞામાં ગોઠવી દેજો.
રત્નસુંદરસૂરિના ધર્મલાભ



## ૪૦

ગુજરાતમાં આવી ગયેલ ૨૬ જાન્યુઆરીના ભૂકંપ પછી અમે શંખેશ્વરથી વિહાર કરીને રાધનપુર તરફ જઈ રહ્યા હતા. ભૂકંપે વેરેલા વિનાશને નજરોનજર જોયા પછી આંખોમાંથી અવારનવાર આંસુ વહી જતા હતા. ગોચરી ભાવતી નહોતી, રાતની નિદ્રા પણ અસ્તવ્યસ્ત બની ગઈ હતી.

એક દિવસ સાંજના સમયે અમે ભૂકંપથી અસરગ્રસ્ત એક સ્કૂલમાં રોકાયા હતા. સાંજનું પ્રતિક્રમણ પૂર્ણ કરીને હું સૂરિમંત્રના જાપમાં બેસવાની તૈયારી કરી રહ્યો હતો અને એ જ સમયે કુમારપાળ, કચ્છમાં ભૂકંપના રાહત કાર્યમાં વ્યસ્ત એવા તમે મોકલેલ એક યુવક મારી પાસે આવ્યો.

'મહારાજ સાહેબ, આપ વિહાર કરીને જે-જે ગામમાં પધારો તે-તે ગામના પ્રત્યેક સાધર્મિકને દસ-દસ હજાર રૂપિયા આપવાના છે એમ કુમારપાળભાઈએ મને આપને સંદેશ આપવા જણાવ્યું છે. એમની અનુકૂળતાએ એ આપને રસ્તામાં ક્યાંક મળી જશે પણ એ ગાળા દરમ્યાન આપ જે પણ ગામમાં પધારો એ ગામમાં ભૂકંપના કારણે તકલીફમાં આવી ગયેલ સાધર્મિકને દસ-દસ હજાર તો આપવાના જ છે. આપની સાથે જે ભાઈ છે એને હું પાંચ લાખ રૂપિયા એ અંગેના આપી દઉં છું.'

**કુમારપાળ !**

**સાગરમાં પડેલ મોતી પણ કમ સે કમ તળિયે તો જોવા મળે જ છે. તમારા કેટલાંય સત્કાર્યો તો કદાચ કોઈને ક્યારેય જોવા મળ્યા નથી અને મળવાના પણ નથી. કોઈ ઉપાય ?**



કુમારપાળ, ધર્મલાભ.
બહાદુર બેટ્સમેન એ છે કે જે નબળા બૉલ પર સિક્સર લગાવી દે છે. બહાદુર સાધક એ છે કે જે નબળા નિમિત્ત પર પોતાની જાતને સાચવી લે છે. યાદ રાખીએ કે બેટ્સમેન સામે નબળો બૉલ તો ક્વચિત જ આવે છે પણ સાધક સામે નબળા નિમિત્તો તો ડગલે ને પગલે આવ્યા જ કરે છે. પ્રચંડ જાગૃતિ વિના જાતને બચાવી નહીં શકાય.
રત્નસુંદરસૂરિના ધર્મલાભ



## ૪૧

વાવ-થરાદ બાજુની અમારી વિહારયાત્રા ચાલુ હતી. ભૂકંપે વેરેલ વિનાશ સગી આંખે નિહાળવા મળી રહ્યો હતો. પ્રવચનો જ્યાં પણ હું કરતો હતો ત્યાં પ્રભુવચનોના માધ્યમે સહુને સમાધિ ટકાવી રાખવા શક્ય પ્રેરણાઓ અને પ્રયાસો અચૂક કરતો હતો.

એ કુવાડા ગામ હતું. ત્યાં પ્રવચન એક અલગ હૉલમાં હતું. પ્રવચન કરીને હું ઉપાશ્રયે આવી રહ્યો હતો અને મને એક યુવકે સમાચાર આપ્યા કે 'સાહેબ, કુમારપાળભાઈ આવ્યા છે અને ઉપાશ્રયમાં બેઠા છે'

મારા પગમાં ગતિ આવી ગઈ. મારા હૃદયની ધડકનો વધી ગઈ. દિવસોના દિવસો સુધી કચ્છની ભેંકાર ધરતી પર ભૂખ-તરસની પરવા કર્યા વિના ભૂકંપ પીડિતોની સેવા કરી રહેલા તમને નિહાળવા મારી આંખો તરસી બની ગઈ હતી અને કુમારપાળ, ઉપાશ્રયમાં પહેલા માળે હું આવ્યો અને મેં તમને પાટ આગળ બેઠેલા જોયા. હું સ્તબ્ધ થઈ ગયો. મેલાં કપડાં, શ્રમિત શરીર અને સૂકી આંખો ! તમારા આ સ્વરૂપને જોઈને હું રડી તો પડ્યો જ પરંતુ જ્યારે મને ખબર પડી કે અઢાર-અઢાર દિવસ સુધી તમે સ્નાન પણ કર્યું નથી ત્યારે તો મારી આંખોમાંથી આંસુની ધાર વહેવા લાગી.

**કુમારપાળ !**

**તમામ સદ્ગુણોનું વાવેતર હૈયાની જે ભૂમિ પર થાય છે એ ભૂમિને તમે કઈ હદે કોમળ બનાવી દીધી હશે કે જેના બળે તમે પીડિતોની સેવામાં આટલા બધા ખૂંપી ગયા હશો !**



કુમારપાળ,
ધર્મલાભ.

પ્રકાશમાં ય
ઊંઘનારા માણસો
આ જગતમાં છે
તો અંધકારમાંય
જાગતા રહેતા
માણસો આ જગતમાં
વિદ્યમાન છે જ.
પુણ્યના ઉદયકાળમાં
ય પાપો કરનારા જીવો
આ જગતમાં જો છે જ તો
પાપના ઉદયકાળમાં ય ધર્મના
કાર્યો કરનારા જીવો પણ આ જગતમાં
છે જ ! આ શું કહું ? ધર્મીને માટે તો
દરેક સમય આત્મકમાણીનો જ સમય છે.

લિ.
રત્નસુંદરસૂરિના
ધર્મલાભ



## ૪૨

'ગુરુદેવ, કચ્છના ભૂકંપના આ દિવસોમાં કુમારપાળભાઈ સાથે જેટલા પણ દિવસ રહેવાનું બન્યું, એમનો માનવપ્રેમ તો સાક્ષાત્ નિહાળવા અને અનુભવવા મળ્યો જ પણ એમનો પશુ પ્રેમ, પશુઓની રક્ષા માટેની એમની ધગશ અને દીર્ઘદર્શિતા જોઈને તો એમના ચરણમાં મસ્તક અહોભાવથી ઝૂકી ગયું.'

કુમારપાળ, બનાસકાંઠાની વિહારયાત્રા સંપન્ન કરીને અમે અમદાવાદ તરફ પાછા ફરી રહ્યા હતા અને રસ્તામાં તમારી સાથે ભૂકંપગ્રસ્ત વિસ્તારમાં કેટલાક દિવસ રહેલ એક યુવક મને મળવા આવ્યો હતો. એણે આ વાત કરી.

'પશુપ્રેમ અંગેનો કોઈ અનુભવ ?'

'મહારાજ સાહેબ, કચ્છ ભૂકંપથી ધણધણી ઊઠ્યું છે એ સમાચાર મળતાં જ ચારેય બાજુથી માનવોને બચાવી લેવાની સામગ્રીઓ તો કચ્છની ધરતી પર ખડકાવા જ લાગી પણ કુમારપાળભાઈએ તો ટ્રકોની ટ્રકો ભરીને ઘાસની ગંજીઓ કચ્છની ધરતી પર ઉતારી દીધી.

'આપણે માણસોને તો બચાવી લેવાના જ છે પરંતુ અબોલ પશુઓ પણ ચારા-પાણી વિના ન મરી જાય એની તકેદારી રાખવાની છે' આ શબ્દો સાથે એમણે પશુઓને ઉગારી લેવા જે પ્રચંડ પુરુષાર્થ કર્યો છે એનું હું શબ્દોમાં વર્ણન કરી શકું તેમ નથી.'

**કુમારપાળ !**

**મીઠી શેરડીમાં ય ક્યાંક તો ગાંઠ હોય છે જ. તમારા હૈયામાં કઠોરતાનો નાનકડો એક અંશ પણ નથી ? ક્યાંથી ખરીદી લાવ્યા છો આવું કોમળ હૈયું ?**





કુમારપાળ,
ધર્મલાભ.
પ્રસન્ન રહેવાનો શ્રેષ્ઠ માર્ગ છે, સહુનો પ્યાર પામતા રહીએ અને પવિત્ર રહેવાનો સરળ માર્ગ છે, સહુને પ્યાર કરતા રહીએ.
અલબત્ત, સહુનો પ્યાર પામવા માટે પરોપકારનો માર્ગ પકડી જ રાખવો પડે છે તો સહુને પ્યાર કરતા રહેવા માટે પ્રેમના માર્ગ પર આપણાં કદમ જમાવેલા રાખવા જ પડે છે.
કહેવું હોય તો એમ પણ કહી શકાય કે પ્રેમ, પરોપકાર કર્યા વિના રહી શકતો નથી તો પરોપકારનું સાતત્ય પ્રેમને જન્મ આપ્યા વિના રહેતું નથી. આપણાં તો બંનેય હાથમાં લાડવો છે. પ્રેમ કરતા રહીએ તો પણ અને પરોપકાર કરવા લાગીએ તો પણ! હા..
રત્નસુંદરસૂરિના
ધર્મલાભ

## ૪૩

ગુજરાતના એ મુખ્ય શહેરમાં એક ફાઉન્ડેશન સાધુ-સાધ્વીજી ભગવંતોની ભક્તિનું સુંદર કાર્ય કરી રહ્યું છે. ગચ્છ-પક્ષનો કોઈ પણ જાતનો ભેદભાવ રાખ્યા વિના એ ફાઉન્ડેશનમાં જોડાયેલ યુવાનો પ્રત્યેક સાધુ-સાધ્વીજી ભગવંતની સેવામાં રાત-દિવસ ખડે-પગે હાજર રહે છે.

પાંચ રૂપિયાની દવા પણ તેઓ લાવી આપે છે તો ઑપરેશનનો લાખ રૂપિયાનો ખર્ચ હોય તો ય તેઓ પાછી-પાની કરતા નથી. એવું ય નથી કે આ ફાઉન્ડેશન પાસે લાખો રૂપિયાનું ફંડ છે. ના. દેવ-ગુરુની કૃપા પર ફાઉન્ડેશનને અપાર શ્રદ્ધા છે અને એ શ્રદ્ધાના સહારે જ ફાઉન્ડેશન પૂજ્યોની સેવામાં રત છે.

કુમારપાળ,

ફાઉન્ડેશનના પૂજ્યો પ્રત્યેના આ ભક્તિભાવની તમને જાણકારી મળી છે અને ફાઉન્ડેશનમાં કામ કરી રહેલ મુખ્ય યુવકને બોલાવીને, એની પીઠ થપથપાવીને, એ ફાઉન્ડેશનમાં જોડાયેલ સહુ યુવકોની ભરપૂર અનુમોદના કરવાપૂર્વક તમે એ યુવકના હાથમાં પાંચ લાખનો ચેક પકડાવી દીધો છે. 'જે કામ અમે ન કરી શક્યા એ કામ તમે કરી દેખાડ્યું એ બદલ મારા તમને ખૂબ ખૂબ ધન્યવાદ છે' આ શબ્દોથી યુવકને તમે નવાજી દીધો છે.

**કુમારપાળ !**

**સત્કાર્યની તમારી ભૂખ કેટલી બધી પ્રબળ છે કે જ્યાં ક્યાંય પણ સત્કાર્ય થાય છે, તમારી આંખો એને શોધી જ લે છે !**

કુમારપાળ,
ધર્મલાભ.
અંધકારનો દુશ્મન જો પ્રકાશને સાચવી જ લેતો હોય છે, દરિદ્રતાનો દુશ્મન જો સંપત્તિને સાચવી જ લેતો હોય છે, રોગનો દુશ્મન જો દવાને સાચવી જ લેતો હોય છે તો દુઃખનો દુશ્મન ધર્મને ન સાચવી લે અથવા તો ધર્મને દુશ્મન બનાવી બેસે એ તો ચાલે જ શી રીતે ?
વાસ્તવિક હકીકત એ છે કે આપણને સંપત્તિમાં તમામ સુખના દર્શન થાય છે, ધર્મમાં તમામ દુઃખનાશના-પાપનાશના દર્શન થતા નથી ! કરુણતા જ છે ને ?
છે..
રત્નસુંદરસૂરિના ધર્મલાભ



## ૪૪

હજી તાજેતરના ભૂતકાળની જ આ વાત છે. એક શહેર પર આવી પડેલ કુદરતી પ્રકોપના સમાચાર તમારા કાને આવતાંની સાથે જ કુમારપાળ, તમે તમારા સાથી કાર્યકરોને લઈને ત્યાં રાહત માટે પહોંચી ગયા તો છો જ પરંતુ ધમધોકાર ચાલી રહેલ રાહત કાર્યો વચ્ચે તમારા એક સાથીનો મુંબઈથી તમારા પર ફોન આવ્યો છે.

'એક ભાઈ રાહત કાર્યમાટે ૧,૦૮,૦૦,૦૦૦ નો ચેક આપી ગયા છે. શું કરું ?

'એ ભાઈનો ચેક હમણાં બૅન્કમાં ભરવાની ઉતાવળ ન કરતો'

'ચેકનું કરું શું ?'

'એ ભાઈને સમાચાર આપી દે કે રાહતકાર્ય જ્યાં ચાલી રહ્યું છે એ સ્થળની રૂબરૂ મુલાકાતે એ આવી જાય. અહીં ચાલી રહેલ કાર્યોને એ પોતાની સગી આંખે નિહાળી લે. પછી એમનો ભાવ હશે તો આપણે એમનો એ ચેક સ્વીકારશું. બાકી, એ પહેલાં એમનો ચેક સ્વીકારી લેવાની આપણે જરૂર નથી.' કુમારપાળ, આ હતો એક કરોડ આઠ લાખનો ચેક મળ્યા પછીનો તમારો પ્રતિભાવ ! તમારા આ પ્રતિભાવ પછી એ ભાઈ રાહતકાર્યના સ્થળે રૂબરૂ આવીને ૧,૫૧,૦૦,૦૦૦ આપી ગયા હતા એ વાત જુદી છે.

**કુમારપાળ !**

**વિવેક જળથી ધોવાયેલ સ્વચ્છ મગજ કલ્પવૃક્ષની ગરજ સારે છે એ વાત તમારા સંદર્ભમાં કેટલી બધી સાચી લાગે છે !**



કુમારપાળ,
ધર્મલાભ.

પ્રવૃત્તિકાળની રુચિ, નિવૃત્તિ-
કાળમાં સ્મૃતિ બનીને આવવાની
છે આ સત્ય આપણે સહુએ સતત
આંખ સામે રાખવાનું છે.

પુણ્યના ઉદયકાળમાં રુચિ એ
પરનિંદાની જ કેળવી છે આપણે તો પાપના
ઉદયકાળમાં કે શરીરના અશક્તિના કાળમાં
સ્મૃતિપથ પર સજ્જનોના જીવનમાં રહેલ
ગુણવૈભવ આવી જાય એવી કોઈ જ શક્યતા
નથી. ટૂંકમાં,

અંતઃકરણની રુચિ, કૃતિમાં રૂપાંતરિત
થતી રહીને મનના સ્મૃતિપથનો કબજો
જમાવીને જ રહેવાની છે. સાવધાન !

રત્નસુંદરસૂરિના
ધર્મલાભ



## ૪૫

બનાસકાંઠાના વિહાર દરમ્યાન થરાદમાં મારે ત્રણ દિવસની સ્થિરતા કરવાનું બન્યું. એક દિવસ બપોરના લગભગ ત્રણેક વાગે કચ્છ-ભુજથી એક ભાઈ મળવા આવ્યા. વંદન કરીને એ બેઠા તો ખરા પણ વાત શરૂ કરતા પહેલાં જ એમની આંખોમાંથી આંસુ વહેવાના ચાલુ થયા. કેટલોક સમય પસાર થયો. ખીસામાંથી રૂમાલ કાઢીને એનાથી એમણે આંસુ લૂછી લીધા અને પછી એમણે જે વાત કરી એ એમના જ શબ્દોમાં.

'મહારાજ સાહેબ, ભૂકંપે જો કચ્છને હચમચાવી નાખ્યું છે તો કુમારપાળભાઈ અત્યારે ભૂકંપે વેરેલી તબાહીને હચમચાવી રહ્યા છે. એ પોતે ખાનગીમાં રડી લે છે પણ કોઈને રડવા દેતા નથી. એ પોતે લૂખા ભોજન કરી રહ્યા છે પણ એમણે શરૂ કરેલા ભોજન કૅમ્પોમાં તેઓ સહુને મીઠાઈઓ ખવડાવી રહ્યા છે. નિર્જન રસ્તાના ખૂણે રાતના ગાડીમાં ટૂંટિયું વાળીને તેઓ રાત પસાર કરી રહ્યા છે પણ ભૂકંપ પીડિતો ઘસઘસાટ સૂઈ જાય એવી વ્યવસ્થા એમણે ગોઠવી દીધી છે. ભૂકંપ આવ્યો એ કચ્છનો પાપોદય ખરો પણ ભૂકંપની આ તબાહીમાં કચ્છને કુમારપાળભાઈ મળી ગયા એ કચ્છનો ભારે પુણ્યોદય તો ખરો જ !'

**કુમારપાળ !**

**તમારા હૃદયની સતેજ સંવેદનશીલતાને તમે જે હદે સક્રિય બનાવી છે એનું વર્ણન કરવા શબ્દો તો ઓછા પડે જ છે, આંખોનાં આંસુ પણ ઓછા જ પડે છે !**






## ૪૬

કુમારપાળ, મારા અને તમારા જીવનના એક માત્ર રાહબર, આપણા હૃદયના એક માત્ર પ્રીતમ, આપણા મનના એક માત્ર માલિક અનંતોપકારી સદૈવસ્મરણીય ભવોદધિતારક પૂજ્યપાદ ગુરુદેવશ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ આ દેહપિંજર છોડીને પરલોકપંથે પ્રયાણ કરી ગયા. આપણે સહુ નોધારા બની ગયા.

હું તો એ વખતે નવસારીમાં હતો. ન તો મને પૂજ્યશ્રીની વિદાય વખતની મસ્ત સમાધિ જોવા મળી કે ન તો મને પૂજ્યશ્રીની શ્રાવકોએ સંપન્ન કરેલ વિદાયાત્રા જોવા મળી, પણ

પૂજ્યશ્રીની થયેલ વિદાય પછીના સાતેક દિવસ બાદ મારા પરમ કલ્યાણમિત્ર શાસન પ્રભાવક પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય પ્રદ્યુમ્નસૂરિ મહારાજના મારા પર આવેલ પત્રમાં તેઓશ્રીએ લખ્યું હતું કે,

‘રત્નસુંદર મહારાજ, તમારા પૂજ્યપાદ ગુરુદેવશ્રીની વિદાયયાત્રા વખતના કુમારપાળભાઈનાં આંસુ સગી આંખે નિહાળ્યા ત્યારે ખ્યાલ આવ્યો કે ગુરુભક્તિ શું હોય છે ? ગુરુપ્રેમ શું હોય છે ? અને ગુરુવિરહની વેદના-વ્યથા અને વલોપત કેવા હોય છે ? ધન્ય છે કુમારપાળભાઈના ગુરુપ્રેમને ! આવો પ્રેમ તો પરમ સદ્‌ભાગીને જ સાંપડતો હોય છે !’

**કુમારપાળ !**

**ગુરુનું શરીરમાં હોવું એ જ શિષ્યનું પરમ સદ્‌ભાગ્ય હોય છે આ વાત તમારા હૃદયમાં કેવી જડબેસલાક બેસી ગઈ હશે કે એ સદ્‌ભાગ્ય ઝૂંટવાઈ જતાં જ તમે આ હદે વ્યથિત થઈ ગયા હશો !**



કુમારપાળ,
ધર્મલાભ.
ઘાસનું તણખલું નદીને
સમર્પિત બની જાય
એમાં તણખલાની કોઈ
વિશેષતા નથી પરંતુ
તુચ્છ એવા તણખલાંને
નદી સ્વીકારી લે છે
એ નદીની ઉદારતા
અને ઉત્તમતા છે.
કેટકેટલા દોષોથી
વ્યાપ્ત હોય છે શિષ્ય?
ગુરુદેવને એ સમર્પિત
બની જાય એમાં એની
કોઈ જ વિશેષતા
નથી. ઉદારતા અને
ઉત્તમતા તો એ ગુરુદેવની
હોય છે કે જે અધમ
એવા શિષ્યનો સ્વીકાર
કરીને એને સાધનામાં
જોડતા રહે છે!
પોતાને સમર્પિત બની
જતા તણખલાંને નદી
સાગરમાં પહોંચાડી દે છે.
પોતાને સમર્પિત બની
જતા શિષ્યને ગુરુદેવ
તો પરમાત્મા બનાવી
દે છે! કમાલ! કમાલ!
દઃ રત્નસુંદરસૂરિના
ધર્મલાભ..

## ૪૭

કુમારપાળ,

હમણાં જ મારા હાથમાં વર્તમાન ગચ્છાધિપતિ પૂ.આ.ભ.શ્રી જયઘોષસૂરિ મહારાજે તમારા પર માહ વદ-૫ ના ઘાટકોપરથી લખેલ પત્રની નકલ આવી છે. એ અક્ષરશઃ અહીં મૂકું છું.

'તારો પત્ર મળ્યો. તારા કાર્યની તો ઉપર ઈન્દ્રો પણ મુક્ત મને અનુમોદના કરતા હશે. અત્રે મયંકભાઈ દ્વારા સમાચાર મળે છે. સંયોગ પરિસ્થિતિ જેટલી દુઃખરૂપ છે તેવા અવસરે તારી લાગણી અને કાર્યની કાળજી આનંદરૂપ છે.

આવા કાર્યની ફળશ્રુતિ તો કેવળજ્ઞાની સિવાય કરી શકાય તેવી નથી. પ્રકૃષ્ટ ધર્મ અને પ્રકૃષ્ટ પુણ્યનું મૂળ જીવદયા-અનુકંપા તારા પ્રાણમાં-રોમરોમમાં પરમ તારક પરમ ગુરુદેવના સાંનિધ્યથી વસ્યા છે, ખીલ્યા છે. આ બધાં તારાં કાર્યોમાં મૂળભૂત કારણ પરમાત્માનું શાસન છે અને એના દ્વારા પરમ ગુરુદેવ છે. આ કાર્યમાં અને તારા સર્વ કાર્યમાં પૂજ્યશ્રી આદિ અદશ્ય તત્ત્વ ઘણાં સહાયક છે. તારાં સત્ કાર્યો સદા સ્થિર અને વિકાસમય બનતા રહ્યા છે અને રહેશે. સદા વર્ધમાન ઉલ્લાસથી આવાં કાર્યોમાં આગળ વધજે. એમાં આનંદાશ્રુ મિશ્ર હૃદયના પૂર્ણ લાગણીસભર આશીર્વાદ છે.

ડાબા-જમણા બંને સાથીને અને બીજા કાર્યકરોને ધર્મલાભ સાથે પૂર્ણ ધન્યવાદ સાથે અનુમોદના.'



**કુમારપાળ !**

**કૃપા-કરુણા-આશીર્વાદ અને મંગળ કામનાઓ, આ બધાયની કેટલી પ્રચંડ મૂડી છે તમારી પાસે એ જણાવશો ખરા ?**



કુમારપાળ,

પવન ખુદ સુવાસપ્રેમી હોય, સુવાસને સર્વત્ર પ્રસારી દેવા તલપતો હોય અને કોક બગીચામાં ખીલી ગયેલ પુષ્પ ભારે સુગંધીદાર હોવાનો એને ખ્યાલ આવી જાય, પછી ય તમે શું માનો છો ખરા કે એ પવન ત્યાં પહોંચી જઈને પુષ્પની સુવાસને સર્વત્ર પ્રસરાવી દેવાની બાબતમાં આંખમીંચામણાં કરતો રહે ? ઉપેક્ષા સેવતો રહે ? ઠંડું વલણ દાખવતો રહે ? હરગિજ નહીં.

બસ,

અનંતોપકારી પૂજ્યપાદ ગુરુદેવશ્રીના આશીર્વાદે મને ખુદને સદ્ગુણ પ્રેમી બનાવ્યો છે, સદ્ગુણનો ચાહક પણ બનાવ્યો છે તો સદ્ગુણનો વાહક પણ બનાવ્યો છે. સદ્ગુણો અને સદ્ગુણોને જન્મ આપતાં સત્કાર્યો ક્યાંય પણ મને જોવા, જાણવા કે સાંભળવા મળે છે, હું એનું પ્રસારણ કર્યા વિના રહી શકતો નથી.

**કુમારપાળ !**

**તમારા જીવનને મેં ખૂબ નજીકથી જોયું છે. તમારા મનને અને હૃદયને મેં ખૂબ આદરભાવથી નિહાળ્યાં છે. તમારા જીવનનાં સત્કાર્યોની અપાર સુવાસ મેં વારંવાર પુષ્કળ પ્રમાણમાં અનુભવી છે અને એનું જ આ પરિણામ છે કે તમારાં એ સત્કાર્યોની, સદ્ગુણોની, સમાધિની અને સ્વસ્થતાની સુવાસ સર્વત્ર પ્રસરાવી દેવાની ચેષ્ટા હું કરી બેઠો છું. પોતાની સુવાસ સર્વત્ર પ્રસરાવી દેવા બદલ પુષ્પ જો પવનને ઠપકો આપી શકે તો જ તમે મને તમારા સત્કાર્યો જગત સમક્ષ મૂકી દેવા બદલ ઠપકો આપી શકો એ ભૂલશો નહીં.**

કુમારપાળ, ધર્મલાભ..
બુદ્ધિને તમે બે નવડા આપી દો. એ ૯+૯=૧૮ કરી દેશે, ૯÷૯=૧ કરી દેશે. ૯-૯=૦ કરી દેશે, ૯×૯=૮૧ કરી દેશે પણ હૃદય? એના હાથમાં જો બે નવડા આવી જશે, એ બંને નવડાને બિલકુલ બાજુમાં બેસાડી દઈને ૯૯ જ કરી દેશે. તાત્પર્યાર્થ આનો સ્પષ્ટ છે.

લિ..
રત્નસુંદરસૂરિના
ધર્મલાભ



કુમારપાળ
ધર્મલાભ..
મીણબત્તી બની
જઈને પ્રકાશ રેલાવતા
રહેવાનું શક્ય ન પણ
લાગતું હોય તો છેવટે
પ્રકાશને ઝીલી શકતા
દર્પણ બની જઈને
પ્રકાશને ફેલાવતા
રહેવાનું તો આપણે
શક્ય બનાવી લેવા
જેવું જ છે.
મહાકલ્યાણકર
સર્વજગહિતકારક
તીર્થની સ્થાપના
કરવા દ્વારા પ્રભુ તો
મીણબત્તી બની
જ ગયા છે,
જીવનની જે પણ
પળો આપણા હાથમાં
બચી છે એ પળોમાં
આપણે દર્પણ બનીને
પ્રભુના વચનોને,
પ્રભુના ઉપદેશને,
સંદેશને અને આદેશને
આ જગતમાં ફેલાવતા
રહેવાનું છે. એ લાભ
પામશું આપણે. સ્વયં
પ્રકાશિત થશું. અન્યોને
પ્રકાશિત કરી શકશું.
છ..
૨૮ રત્નસુંદરસૂરિના
ધર્મલાભ



૪૯

'જીવન એવું નિષ્પાપ રાખો કે પશ્ચાત્તાપ કરવાનો વખત આવે જ નહીં અને મન એવું રાખો કે સત્કાર્યોની અનુમોદના કર્યા વિના એ રહી શકે જ નહીં.'

કુમારપાળ, ૪૦-૪૦ વરસના સંયમ પર્યાય પછી પણ જીવનને નિષ્પાપ રાખવાના પ્રભુના સંદેશને જીવનમાં અમલી બનાવવામાં હું સફળ બની શક્યો નથી અને સત્ત્વની કચાશ જોતાં આ જીવનના અંત સમય સુધી પણ એમાં સફળ બની શકું એવી કોઈ સંભાવના ય મને દેખાતી નથી.

પણ ગુરુદેવશ્રીની અનરાધાર વરસી રહેલ કૃપાવર્ષાના પ્રભાવે સત્કાર્યોની અનુમોદના કર્યા વિના ન જ રહી શકે એવા મનના માલિક બની જવાની બાબતમાં હું ઠીક ઠીક પ્રમાણમાં સફળ બની શક્યો છું, બની રહ્યો છું.

કુમારપાળ, તમારી જાણ બહાર, તમારી સંમતિ લીધા વિના તમારા જીવનના કેટલાક વિરલ પ્રસંગોને જગત સમક્ષ મૂકી દેવાના મારા આ પ્રયાસથી બની શકે કે તમારા દિલને ચોટ પણ પહોંચી હોય અને મારા પ્રત્યે તમને નારાજગી પણ ઉત્પન્ન થઈ ગઈ હોય, પણ સત્કાર્યોની અનુમોદના કર્યા વિના ન જ રહી શકતા મારા મનના સ્વભાવને તમે આંખ સામે રાખશો તો તમારી એ નારાજગી દૂર થઈ ગયા વિના નહીં જ રહે, એની મને પૂર્ણ શ્રદ્ધા છે. અને

**કુમારપાળ !**

**સત્કાર્ય સેવનથી શ્રીમંત બની ગયેલ તમે, સત્કાર્ય અનુમોદનથી અમે શ્રીમંત બની જતા હોઈએ તો એમાં દુઃખી તો ન જ બનો ને ? શું કહો છો તમે ?**



કુમારપાળ,
ધર્મલાભ-
કારેલાને
કેવું, નથી
બનાવી શકાતું પરંતુ
કારેલાના શાકમાં
ગોળ નાખતા રહીને
એની કડવાશને ઘટાડી
તો જરૂર શકાય છે.
પાપસ્થાનોને કે
પ્રમાદસ્થાનોને સત્ત્વની
કચાશના કારણે
જીવનમાંથી દૂર કરી
દેવામાં આપણને કદાચ
સફળતા ન પણ
મળતી હોય તો ય
એના સેવનકાળમાં
અંતઃકરણમાં ડંખ
ઊભો રાખી દઈને
એની તીવ્રતાને તોડી
નાખવામાં તો આપણે
સફળ બની શકીએ
તેમ જ છીએ.
જવાબ આપો. પાપ-
સેવનમાં ડંખ-દર્દ હાજર
ખરા? હું...
રત્નસુંદરસૂરિના
ધર્મલાભ

## ૫૦



સૂકલકડી કાયા, આંખ પર સાદી ફ્રેમનાં ચશ્માં, શરીર પર સાદાં વસ્ત્રો, વાત્સલ્ય વરસાવતી આંખો, કોકિલ કંઠ, અને સ્મિતસભર ચહેરો-આ હતી બાહ્ય ઓળખ અનંતોપકારી ભવોદધિતારક પૂજ્યપાદ ગુરુદેવશ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની.

પણ એ વિભૂતિએ યુવા શિબિરો શરૂ કરીને જિનશાસનમાં વંદનીય અને અનુકરણીય ક્રાન્તિનો જે શંખ ફૂંક્યો એ શંખનાદે મને ય જગાડી દીધો અને તમને ય જગાડી દીધા. કુમારપાળ, હું આવી ગયો ચારિત્રમાર્ગે અને તમે રહી ગયા સંસારમાં. પણ સંસારમાં રહીને ય તમે ગુરુદેવશ્રીના તમારા પરના અનંત ઋણને આંખ સામે રાખીને શાસનના, જીવદયાના અને અનુકંપાનાં કાર્યોમાં જે રીતે લાગી પડ્યા છો, મને એમ લાગે છે કે તમારાં આ કાર્યોને દેવલોકમાં બેઠા બેઠા નિહાળી રહેલ પૂજ્યપાદ ગુરુદેવશ્રી કદાચ હર્ષનાં આંસુ વહાવી રહ્યા હશે.

**કુમારપાળ !**

**એક વિનંતિ કરું ? સત્કાર્યસેવન દ્વારા તમે જે વિપુલ નિર્મળ પુણ્યોપાર્જન કરી રહ્યા છો એમાં મારો ય થોડોક ભાગ રાખજો અને હા, ભવાંતરમાં હું અને તમે, આપણે બંને પૂજ્યપાદ ગુરુદેવશ્રીના સાંનિધ્યને પામીને, એઓશ્રીના વરદ હસ્તે ચારિત્ર સ્વીકારીને સંયમજીવનની એવી આરાધના કરીએ કે એ આરાધના ગુરુદેવશ્રીની સાથે આપણને ય પરમપદમાં લઈ જનારી બનીને જ રહે એવી પ્રાર્થના હું તો પ્રભુને કરતો જ રહીશ, પણ તમે ય કરતા રહેજો !**